
# સપ્ટેમ્બર ૨૦૧૫

# Most IMP Current Affairs















The NOTA symbol

Useful For....

UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

Crack GPSC

www.crackgpsc.com

# સપ્ટેમ્બર ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

**Material**

www.crackgpsc.com



# Most Imp Current Affairs – September 2015

## ➢ 1st week


- **વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં કેન્યાને પ્રથમ સ્થાન**

  પેઇચિંગ (ચીન)માં આયોજિત 'વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ'માં કેન્યાને પ્રથમ સ્થાન મળ્યું. જમૈકા બીજા સ્થાને રહ્યું. આગામી વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ લંડન (બ્રિટન)માં થશે.

- **રાજીવ મહર્ષિ નવા ગૃહ સચિવ નિયુક્ત**

  રાજીવ મહર્ષિને નવા ગૃહ સચિવ નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ એલ. સી. ગોયલનું સ્થાન લેશે. ગૃહ સચિવનો કાર્યકાળ બે વર્ષનો હોય છે અને રાજીવ મહર્ષિ પાછલા એક વર્ષમાં મોદી સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ ત્રીજા ગૃહ સચિવ છે.

- **વડાપ્રધાને 'રામચરિતમાનસ'ના ડિજીટલ સંસ્કરણ રજૂ કર્યું**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આકાશવાણી દ્વારા તૈયાર કરવામાં આવેલ 'રામચરિતમાનસ'ની વિશેષ ડિજીટલ આવૃત્તિ બહાર પાડી. રામચરિતમાનસની ચોપાઈઓ અને દોહાને ભોપાલના જાણીતા ગાયકોએ અવાજ આપ્યો છે.

- **ઉત્તર અમેરિકાના સૌથી ઊંચા પર્વત માઉન્ટ મેકકિન્લેનું નામ બદલીને ડેનાલી રખાયું**

  અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ઉત્તર અમેરિકાના સૌથી ઊંચા પર્વત માઉન્ટ મેકકિન્લેનું નામ બદલીને ડેનાલી રાખવાનો નિર્ણય લીધો. અલાસ્કા સ્થિત ડેનાલી નેશનલ પાર્કમાં 6 મિલિયન એકરમાં પથરાયેલ આ પર્વત વર્ષ 1975થી ડેનાલી નામથી ઓળખાય છે. હવેથી સત્તાવાર રીતે આને આ નામથી ઓળખવામાં આવશે.

- **મારે ડિબાબાએ વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની મેરેથોનનો ખિતાબ જીત્યો**

  ઇથોપિયાની મારે ડિબાબાએ બેઇજીંગના નેશનલ સ્ટેડિયમમાં વર્ષ 2015ની વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની મેરેથોનનો ખિતાબ જીત્યો. તે વિશ્વ ચેમ્પિયનશિપમાં ખિતાબ જીતનાર પ્રથમ ઇથોપિયન મહિલા છે.

करन्ट शतक
Most Imp करन्ट अफेर्स हिन्दी में
वस्तुनिष्ठ प्रश्नों उत्तर के साथ
Crack GPSC

- **લો કમિશને મોતની સજા બંધ કરવાની ભલામણ કરી**

  20મા લો કમિશને કેન્દ્ર સરકારને મોતની સજા બંધ કરવાની ભલામણ કરી. કમિશને બહુમતિથી આતંકવાદી સંબંધી બાબતો સિવાયની અન્ય બાબતોમાં ઝડપથી મોતની સજાને બંધ કરવાની ભલામણ કરી.

- **આર. પી. વટલ નવા નાણા સચિવ નિયુક્ત**

  કેન્દ્ર સરકારે નાણા મંત્રાલયના ખર્ચ વિભાગના વરિષ્ઠ સચિવ આર. પી. વટલને નવા નાણા સચિવ નિયુક્ત કર્યા. આર. પી. વટલ વર્તમાન નાણા સચિવ રાજીવ મહર્ષિનું સ્થાન લેશે જેમને કેન્દ્ર સરકારે બે વર્ષ માટે ગૃહ સચિવ બનાવ્યા છે.

- **'30 વીમેન ઇન પાવર : ઘેર વોયસીઝ, ઘેર સ્ટોરીઝ' : નૈનાલાલ કિદવઈ**

  '30 વીમેન ઇન પાવર : ઘેર વોયસીઝ, ઘેર સ્ટોરીઝ' પુસ્તક HSBC બેંકના પ્રમુખ અને ફિક્કીના ભૂતપૂર્વ અધ્યક્ષ નૈનાલાલ કિદવઈ દ્વારા લખવામાં અને સંપાદિત કરવામાં આવી છે. આમાં વિવિધ કાર્ય ક્ષેત્રોમાં અગ્રણી પ્રખ્યાત અને સશકત મહિલાઓને સામેલ કરાયેલ છે.

- **તેજીન્દર પાલ સિંહ કોમનવેલ્ધ બેંક દ્વારા 'ઓસ્ટ્રેલિયન ઓફ ધ ડે' ઘોષિત**

  ભારતીય મૂળના ડ્રાઈવર તેજીન્દર પાલ સિંહને ઓસ્ટ્રેલિયામાં કોમનવેલ્ધ બેંક દ્વારા 'ઓસ્ટ્રેલિયન ઓફ ધ ડે' ઘોષિત કરવામાં આવ્યા. આ સન્માન તેમને દર મહિનાના છેલ્લા રવિવારે ગરીબો અને ઘર વિહોણાઓને ભોજન કરાવવા માટે આપવામાં આવ્યું. આ સન્માન ઓસ્ટ્રેલિયન લોકોને દેશ માટે અસામાન્ય યોગદાન આપવા માટે આપવામાં આવે છે.

- **ચરમપંથી સંગઠન ઇસ્લામિક સ્ટેટે પલ્માઈરાના બેલ મંદિરને ધ્વંસ કર્યું**

  ઇસ્લામિક ચરમપંથી સંગઠન 'ઇસ્લામિક સ્ટેટ' (IS) સીરિયાના પલ્માઈરા શહેરમાં સ્થિત બેલ મંદિર/રોમન ટેમ્પલને ધ્વંસ કરી દીધું. આ પહેલા ઇસ્લામિક સ્ટેટે પલ્માઈરામાં સ્થિત એક રોમન મંદિર (બાલશમીન) નષ્ટ કર્યું હતું.

- **મુંબઈએ બુચી બાબુ મેમોરીઅલ ક્રિકેટ ટ્રોફી જીતી**

  મુંબઈએ બુચી બાબુ મેમોરીઅલ ક્રિકેટ ટ્રોફી જીતી. બુચી બાબુ એક સમાજસેવક તથા ક્રિકેટ રસિક હતા, જેમણે દેશમાં ક્રિકેટ કલબની શરૂઆત કરી હતી. તેમને 'દક્ષિણ ભારતમાં ક્રિકેટના જનક' કહેવામાં આવે છે.

- **સરકારે વિદેશી સંસ્થાગત રોકાણકારોને મેટમાંથી મુક્તિ આપી**

  સરકારે એ.પી.શાહ કમિટીની ભલામણોને સ્વીકારીને વિદેશી સંસ્થાગત રોકાણકારો (FII)ને મિનીમમ ઓલ્ટરનેટીવ ટેક્સ (મેટ)માંથી મુક્તિ આપી. આનાથી વિદેશી રોકાણકારોનો ભારતમાં રોકાણ ઉપર વિશ્વાસ વધશે.

www.crackgpsc.com

- **પશ્ચિમી-મધ્ય રેલ્વે માનવરહિત લેવલ ક્રોસિંગને દૂર કરનાર પ્રથમ રેલ્વે ઝોન બન્યું**

  પશ્ચિમી-મધ્ય રેલ્વે ઝોન (મુખ્યાલય-જબલપુર, મધ્ય પ્રદેશ) માનવરહિત લેવલ ક્રોસિંગ દૂર કરનાર દેશનું પ્રથમ રેલ્વે ઝોન બન્યું. ભારતીય રેલ્વેમાં પોતાની પ્રણાલીથી તમામ માનવરહિત લેવલ ક્રોસિંગને 31 ઓગસ્ટ 2015 સુધી હટાવીને પશ્ચિમી-મધ્ય રેલ્વે ઝોને આ સિદ્ધિ મેળવી.

- **36 રાફેલ ફાઈટર પ્લેન્સની ડીલને મંજુરી**

  ડિફેન્સ મિનિસ્ટ્રીની ડિફેન્સ એક્વિઝીશન કાઉન્સિલે 36 રાફેલ જેટ વિમાનોની ખરીદીના સોદાને મંજુરી આપી. આ સાથે જ રશિયા સાથે 48 MI-17 V5 હેલિકોપ્ટર્સની 6,966 કરોડ રૂપિયાના સોદાને પણ મંજુરી આપવામાં આવી. સાથે જ વાયુસેના માટે આકાશ મિસાઈલોની સાત વધારાની સ્કવોડ્રન તેમજ નેવી માટે આઠ ચેતક હેલિકોપ્ટર્સની ખરીદીને મંજુરી આપવામાં આવી.

- **વર્ષ 2020ની ટોક્યો ઓલિમ્પિક ગેમ્સ માટેનું પ્રતિક ચિહ્ન રદ**

  વર્ષ 2020માં ટોક્યોમાં યોજાનાર ઓલિમ્પિક ગેમ્સ માટે નક્કી કરાયેલ ચાર રંગોવાળું પ્રતિક ચિહ્ન ખેલ આયોજન સમિતિ દ્વારા રદ કરવામાં આવ્યું. બેલ્જિયમના ડિઝાઈનર ઓલીવિયર ડેબીએ આરોપ લગાવ્યો હતો કે આ પ્રતિક ચિહ્ન તેમના દ્વારા બનાવેલ કલાચિત્રમાંથી ચોરેલું છે.

- **યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયે યોગને રમત તરીકે માન્યતા આપી**

  ખેલ મંત્રાલયે 'યોગ'ને રમતનો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો અને આને 'પ્રાથમિકતા' વર્ગમાં રાખ્યો. મંત્રાલયે આ નિર્ણય યુવાનોમાં યોગ અભ્યાસને પ્રોત્સાહિત કરવા માટે લીધો. આનાથી ચિકિત્સકોને આના વિકાસ માટે ધન અને અન્ય વહીવટી મદદનો લાભ મળશે. વિશ્વ સ્તરે 21 જુન 2015ના રોજ પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

- **યુનેસ્કો દ્વારા શ્રી વડક્કુમ્નાથન મંદિર 'એવોર્ડ ઓફ એકસલન્સ'થી સન્માનિત**

  યુનેસ્કોએ કેરળના શ્રી વડક્કુમ્નાથન મંદિરને 'એવોર્ડ ઓફ એકસલન્સ'થી સન્માનિત કર્યું. મંદિરને આ પુરસ્કાર સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે આપવામાં આવ્યો.

- **2050 સુધી 99% સમુદ્રી પક્ષી પ્લાસ્ટિક આહારનો શિકાર થશે**

  કોમનવેલ્થ સાયન્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (CSIRO) અને ઈમ્પીરિયલ કોલેજ, લંડને ચેતવણી જાહેર કરી કે જો દરિયાઈ પ્રદુષણ આ ગતિથી ચાલુ રહેશે તો વિશ્વના સમુદ્રી પક્ષીઓની 99% પ્રજાતિઓ વર્ષ 2050 સુધી પ્લાસ્ટિક ગળી જવાને કારણે ખતરામાં હશે. અભ્યાસથી જાણવામાં આવ્યું કે અલ્બાટ્રોસીસ, શિયરવોટર્સ અને પેંગ્વિન સહિત તમામ સમુદ્રી પક્ષી પ્રજાતિઓમાં લગભગ 60%ના પેટમાં પ્લાસ્ટિક છે. 1960માં પ્લાસ્ટિક, અલગ અલગ સમુદ્રી પક્ષીઓના પેટમાં 5%થી ઓછું હતું જે વર્ષ 2010માં વધીને 80% થઇ ગયું. કચરા વ્યવસ્થામાં સુધારો કરીને પ્લાસ્ટિકની વસ્તુઓનો ઓછો ઉપયોગ, પ્લાસ્ટિકના ઉપયોગ પર વધારાનો ચાર્જ અને પુનઃ પ્રયોગ

www.crackgpsc.com

કરી શકાય તેવી વસ્તુઓને ભેગી કરીને આપણે પ્લાસ્ટિકના જોખમને ઓછુ કરી શકીએ છીએ.

- **વર્ષ 2022ની કોમનવેલ્થ ગેમ્સની મેજબાની ડરબનને સોંપવામાં આવી**

  વર્ષ 2022ની કોમનવેલ્થ ગેમ્સની મેજબાની દક્ષિણ આફ્રિકાના શહેર ડરબનને સોંપવામાં આવી. આ સાથે જ કોમનવેલ્થ ગેમ્સની મેજબાની કરનાર આફ્રિકાનું પ્રથમ શહેર બની ગયું. આ કોમનવેલ્થ ગેમ્સની 22મી આવૃત્તિ હશે. કોમનવેલ્થ ગેમ્સ વિશ્વ સ્તરે ચાર વર્ષે આયોજિત કરવામાં આવનાર એક સ્પર્ધા છે. આને 'ફ્રેન્ડલી ગેમ' નામ પણ આપવામાં આવેલ છે. પ્રથમ કોમનવેલ્થ ગેમ્સ વર્ષ 1930માં હેમિલ્ટન કેનેડામાં આયોજિત કરવામાં આવી હતી.

- **ભારત-પાકિસ્તાન યુદ્ધની સુવર્ણ જયંતિ નિમિત્તે પાંચ રૂપિયાનો સિક્કો બહાર પાડવાની ઘોષણા**

  RBI ભારત-પાકિસ્તાન યુદ્ધ, 1965ની સુવર્ણ જયંતિ નિમિત્તે પાંચ રૂપિયાના સિક્કા બહાર પાડશે. આ યુદ્ધ એપ્રિલ 1965માં શરુ થયું હતું. આ યુદ્ધની શરૂઆત પાકિસ્તાને પોતાના સૈનિકોને ઘુષણખોરો તરીકે મોકલીને એવી આશાએ કરી હતી કે કાશ્મીરની જનતા ભારત વિરુદ્ધ વિદ્રોહ કરશે. આ અભિયાનનું નામ પાકિસ્તાને યુદ્ધાભિયાન જીબ્રાલ્ટર રાખ્યું હતું. આ યુદ્ધ 17 દિવસ સુધી ચાલ્યું હતું.

- **કેન્દ્ર સરકારે ગ્રીન પીસ ઇન્ડિયાનું FCRA રજીસ્ટ્રેશન રદ કર્યું**

  કેન્દ્ર સરકારે વિદેશી ગ્રીન પીસ ઇન્ડિયાનું રજીસ્ટ્રેશન રદ કરી દીધું. સરકારે ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેટરી એક્ટ (FCRA), 2010 હેઠળનું રજીસ્ટ્રેશન દેશની આર્થિક પ્રગતિ વિરુદ્ધ કાર્ય કરવા માટે રદ કરી દીધો. આથી ગ્રીન પીસ વિદેશમાંથી ભંડોળ પ્રાપ્ત નહી કરી શકે.

- **ઇનસ્પા, 107 સનશાઈન દેશોનો સમૂહ નવી દિલ્હીમાં લોન્ચ થશે**

  કેન્દ્ર સરકાર, સૌર ઉર્જા માટે બનાવાયેલ વૈશ્વિક સમૂહ - ઇનસ્પા, 107 સનશાઈન દેશોના સમૂહને નવી દિલ્હીમાં શરુ કરવાની યોજના બનાવી રહી છે. ઇનસ્પાનો અર્થ છે, ઈન્ટરનેશનલ એજન્સી ફોર સોલર પોલિસી એન્ડ એપ્લીકેશન. આ કાર્યક્રમમાં કર્ક રેખા અને મકર રેખા વચ્ચેના 107 દેશો સહિત ચીન અને ઓસ્ટ્રેલિયા ભાગ લે તેવી સંભાવના છે. આ દેશોને સનશાઈન ગ્રુપ પણ કહેવાય છે. કારણ કે આ દેશોને આખું વર્ષ મોટી માત્રામાં સૌર ઉર્જા પ્રાપ્ત થાય છે. આ મિશન હેઠળ ભારતમાં સૌર ઉર્જા ઉત્પાદન 1 લાખ મેગાવોટ થવાની સંભાવના છે. વર્ષ 2022 સુધી લગભગ 6 લાખ કરોડ રૂપિયાના રોકાણ દ્વારા આ લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય છે.




www.crackgpsc.com

## ➢ 2nd week

- **ગ્વાટેમાલાના રાષ્ટ્રપતિએ પોતાના પદેથી રાજીનામુ આપ્યું**

  ગ્વાલેમાલાના રાષ્ટ્રપતિ ઓટો પેરેજે પોતાના પદેથી રાજીનામુ આપ્યું. તેમણે ભ્રષ્ટાચારમાં સામેલ હોવાના આરોપને કારણે રાજીનામુ આપ્યું. ત્યારબાદ તેમની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવ્યા. ઓટો પેરેજે વર્ષ 2012માં સત્તા સંભાળી હતી.

- **ઝુંપા લાહિડી નેશનલ હ્યુમેનીટીઝ મેડલથી સન્માનિત**

  પુલિત્ઝર પુરસ્કારથી સન્માનિત ભારતીય મૂળનાં અમેરિકન લેખિકા ઝુંપા લાહિડીને વર્ષ 2014ના પ્રતિષ્ઠિત નેશનલ હ્યુમેનીટીઝ મેડલ માટે પસંદ કરવામાં આવ્યાં. ઝુંપાનું વાસ્તવિક નામ નીલાંજના સુદેશના છે.

- **સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં બે સ્મારક સિક્કા બહાર પાડવામાં આવ્યા**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં 125 રૂપિયા અને 10 રૂપિયાના બે સ્મારક સિક્કા બહાર પાડ્યા. ભારતના બીજા રાષ્ટ્રપતિ ડૉ. એસ.રાધાકૃષ્ણનનો જન્મ દિવસ 5 સપ્ટેમ્બર સમગ્ર દેશમાં શિક્ષક દિન તરીકે ઉજવાય છે.

- **ગોલ્ફર શર્મિલા નીકોલેટે હીરો મહિલા પ્રોફેશનલ ગોલ્ફ ટુર 2015 જીતી**

  ગોલ્ફર શર્મિલા નીકોલેટે હીરો મહિલા પ્રોફેશનલ ગોલ્ફ ટુર-2015 જીતી. તેઓ વર્ષ 2007-08માં અખિલ ભારતીય એમેચ્યોર ચેમ્પિયનશિપ જીતનાર સૌથી નાની વયના મહિલા ગોલ્ફ ખેલાડી બન્યાં હતાં.

- **સંગીતકાર આદેશ શ્રીવાસ્તવનું નિધન**

  બોલીવુડ ગાયક અને સંગીતકાર આદેશ શ્રીવાસ્તવનું નિધન થઇ ગયું. આદેશ શ્રીવાસ્તવે ચલતે ચલતે, બાબુલ, બાગબાન, કભી ખુશી કભી ગમ તથા રાજનીતિ જેવી લગભગ 100થી વધુ હિન્દી ફિલ્મો માટે સંગીત આપ્યું હતું.

- **ભૂતપૂર્વ સૈનિકો માટે એક રેન્ક એક પેન્શન યોજનાની ઘોષણા**

  કેન્દ્ર સરકારે ભૂતપૂર્વ સૈનિકો માટે એક રેન્ક એક પેન્શન (ઓઆરઓપી) યોજનાની ઘોષણા કરી. આ યોજના છેલ્લા ચાર દાયકાઓથી વિચારાધીન હતી. 1 જુલાઈ 2014થી આ યોજનાનો લાભ મળશે. સરકારી તિજોરી પર આનાથી 8000 થી 10000 કરોડ રૂપિયાનો વધારાનો ભાર પડશે. આના અમલીકરણ સંબંધી વિવાદો માટે સરકારે એક સદસ્યીય ન્યાયિક સમિતિ બનાવવાની ઘોષણા કરી છે જે આગામી છ મહિનામાં પોતાનો રિપોર્ટ સોંપી દેશે.

  **એક રેન્ક એક પેન્શન (ઓઆરઓપી)**



www.crackgpsc.com

ઓઆરઓપીનો અર્થ છે કે એક જ રેન્ક પર, એક જ સમયાવધિ સુધી સેવામાં રહ્યા બાદ સેવાનિવૃત્ત થનારા સૈનિકોનું પેન્શન પણ એક જ હશે. હાલમાં, ભૂતપૂર્વ સૈનિક સેવાનિવૃત્તિના સમય અનુસાર પેન્શન પ્રાપ્ત કરે છે જે એક સમાન નથી. દા.ત. જે સૈનિક 1990માં સેવાનિવૃત્ત થયો તે 2006માં પોતાનાથી જુનિઅર સૈનિકની તુલનાએ ઓછું પેન્શન મેળવે છે જયારે બંનેએ એક જ રેન્ક પર, એક સમાન કાર્યકાળ સુધી સૈન્ય સેવામાં કાર્ય કરેલ છે.

- **દેશભરમાં 5 સપ્ટેમ્બરે શિક્ષક દિન ઉજવવામાં આવ્યો**

દેશભરમાં 5 સપ્ટેમ્બર 2015ના રોજ શિક્ષક દિન ઉજવવામાં આવ્યો. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ 5 સપ્ટેમ્બર 2015ના રોજ શિક્ષક દિન નિમિત્તે દેશના 338 શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કર્યા. વિશ્વ શિક્ષક દિનનું આયોજન 5 ઓક્ટોબરના રોજ થાય છે.

- **નિસાર (NISAR) મિશન**

નાસા-ઈસરો સિન્થેટીક એપર્ચર રડાર મિશન. NISAR ઈસરો સાથે ભાગીદારીમાં અમેરિકા અને ભારતનું નિસાર મિશન છે, જેને જોખમ અને વૈશ્વિક પર્યાવરણ પરિવર્તનના અભ્યાસ માટે અનુકૂલિત કરવામાં આવેલ છે.

**NISAR મિશનનો હેતુ**

એલ અને એસ બેન્ડ માઈક્રોવેવ ડેટાનો ઉપયોગ કરીને નેચરલ રિસોર્સ મેપિંગ અને મોનીટરીંગ, ક્રોપ રોટેશનના પૂર્ણ કાળથી વધુ કૃષિ બાયોમાસનું એસેસમેન્ટ, જમીનના ભેજનું એસેસમેન્ટ, પુર અને તેલની સપાટીઓની દેખરેખ, તટીય ધસારો, સમુદ્ર તટ પર થનારા પરિવર્તનો અને તટીય આબોહવામાં પરિવર્તન, મેન્ગ્રોવ એસેસમેન્ટ, સિસ્મિક એક્ટીવીટીઝને કારણે સપાટીમાં થતા ફેરફારોનો અભ્યાસ વગેરે.

- **જી-20 ગ્રુપે ડબ્લ્યુ-20 ગ્રુપની રચના કરી**

જી-20 ગ્રુપે અંકારામાં ડબ્લ્યુ-20 (વિમેન-20) ગ્રુપ શરુ કર્યું. વેપારી પરિદ્રશ્યમાં મહિલાઓના યોગદાનને પ્રોત્સાહિત કરવા માટે આ ગ્રુપ શરુ કરવામાં આવ્યું. જી-20 વિશ્વની મોટી આર્થિક સત્તાઓનું ગ્રુપ છે જેનો હેતુ વિકાસશીલ અર્થવ્યવસ્થાઓને એક સ્તરે લાવીને વૈશ્વિક અર્થ વ્યવસ્થાના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો છે.

- **દોહા બેંકે રિલાયન્સ ગ્રુપ સાથે સમજુતી કરાર કર્યા**

ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ (જીસીસી) દેશો અને ભારતમાં વેપારી ભાગીદારી વધારવા માટે દોહા બેંકે અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપ સાથે એક સમજુતી કરી. જીસીસી દેશોમાં સાઉદી આરબ, કુવૈત, યુએઈ, કતર, બહેરીન અને ઓમાન સામેલ છે.

www.crackgpsc.com

- **જે મંજુલા DRDO નાં પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ નિયુક્ત**



વૈજ્ઞાનિક જે મંજુલાને DRDO નાં ડિરેક્ટર જનરલ-ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન સિસ્ટમ (ECS) નિયુક્ત કરવામાં આવ્યાં. પોતાની નિમણુક પહેલાં તેઓ ડિફેન્સ એરોનોટિકલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, બેંગલુરુમાં ડિરેક્ટર હતાં. તેઓ કોમ્યુનિકેશન એન્ડ રડાર ESM અને ECM સિસ્ટમના ક્ષેત્રે નિપુણ છે.

- **ઉત્તર અને દક્ષિણ કોરિયા એકીકરણ માટે સહમત**

દક્ષિણ કોરિયા અને ઉત્તર કોરિયા એકીકરણ માટે સહમત થઇ ગયા છે. આ પ્રસ્તાવ ફેબ્રુઆરી 2014થી બંને દેશો વચ્ચે વિચારાધીન હતો. એકીકરણ સમારંભ ઉત્તર કોરિયાના માઉન્ટ કુમગાંગ રિસોર્ટમાં ઓક્ટોબર 2015માં કરવામાં આવશે.

- **અનુપમ ખેર ઓનર્ડ ગેસ્ટ ઓફ ટેક્સાસ પુરસ્કારથી સન્માનિત**

અભિનેતા અનુપમ ખેરને સિનેમા અને કલા જગતમાં તેમના યોગદાન માટે ઓનર્ડ ગેસ્ટ ઓફ ટેક્સાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. હ્યુસ્ટનના મેયર અનિસે પાર્કરે ઓગસ્ટ 2015માં અનુપમ ખેરના 'મેરા મતલબ વો નહી થા' નાટકની સફળતા પછી હ્યુસ્ટનમાં 7 ઓગસ્ટને અનુપમ ખેર દિવસ ઘોષિત કર્યો.

- **BSEમાં વિશ્વની સર્વાધિક કંપનીઓ સૂચીબદ્ધ : WFE**

વર્લ્ડ ફેડરેશન એક્સચેન્જ (WFE) દ્વારા પ્રસ્તુત આંકડાઓ અનુસાર બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)માં વિશ્વની સર્વાધિક કંપનીઓ સૂચિબદ્ધ છે. જૂન 2015ના અંત સુધી કુલ 5689 કંપનીઓ BSEમાં સૂચિબદ્ધ કરવામાં આવી. આમાંથી માત્ર એક કંપની વિદેશી છે. BSE એશિયાનું સૌથી જુનું એક્સચેન્જ છે. તેની સ્થાપના 1855માં કરવામાં આવી હતી.

- **દીપક લાથેરે કોમનવેલ્થ યુથ ગેમ્સ 2015માં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો**

ભારતીય ભારોત્તોલક દીપક લાથેરે કોમનવેલ્થ યુથ ગેમ્સ -2015 દરમ્યાન 62 કિગ્રા શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. તેજસ્વિન શંકરે પુરુષોની ઉંચી કૂદ સ્પર્ધામાં અને ભાલા ફેંક સ્પર્ધામાં મોહમ્મદ હદીશે સુવર્ણ ચંદ્રક જીત્યો.

- **વિશ્વ સાક્ષરતા દિવસ 8 સપ્ટેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવાયો**

સમગ્ર વિશ્વમાં 8 સપ્ટેમ્બર 2015ના રોજ વિશ્વ સાક્ષરતા દિવસ ઉજવવામાં આવ્યો. પ્રથમ વિશ્વ સાક્ષરતા દિવસ 8 સપ્ટેમ્બર 1966ના રોજ ઉજવવામાં આવ્યો હતો અને વર્ષ 1965માં યુનેસ્કોએ આની ઘોષણા કરી હતી.

- **વૈજ્ઞાનિકોએ પૃથ્વીથી સૌથી દૂરની આકાશગંગા શોધી**

www.crackgpsc.com

ખગોળ વૈજ્ઞાનિકોની આંતરરાષ્ટ્રીય ટીમે 13.2 અબજ વર્ષ જૂની આકાશગંગા ઝેડ-8_GND_5296 ની શોધ કરી. આ પૃથ્વીથી આશરે 30 અબજ પ્રકાશ વર્ષ દૂર આવેલ છે અને અત્યાર સુધીમાં શોધવામાં આવેલ સૌથી દૂર સ્થિત આકાશગંગા છે. આ આકાશગંગાની વિશેષતા એ છે કે આ આપણી આકાશગંગા કરતાં પણ વધુ માત્રામાં તારાઓનું નિર્માણ કરવા ઉપરાંત આ તારાઓને પોતાનામાં સમાવી પણ શકે છે.

- **અસાફા પોવેલે 100 મીટર પ્રતિસ્પર્ધામાં નવો વિશ્વ વિક્રમ સર્જ્યો**

  જમૈકાના દોડવીર અસાફા પોવેલે વિશ્વ ચેલેન્જ મીટની 100 મીટર સ્પર્ધામાં નવો રેકોર્ડ બનાવ્યો. પોવેલે 100 મીટર સ્પર્ધા 100મી વખત 10 સેકન્ડથી ઓછા સમયમાં પૂર્ણ કરીને નવો વિક્રમ સર્જ્યો.

- **કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 6% વધારો**

  કેન્દ્રીય કેબિનેટે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 6%ના વધારાને મંજુરી આપી. આ મુજબ કેન્દ્રીય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું 113%થી વધારીને 119% કરવામાં આવ્યું. DAનો આ વધારો 1 જુલાઈ 2015થી ગણવામાં આવશે.

- **પ્રખ્યાત જળ નીતિ નિષ્ણાત રામાસ્વામી આર. ઐયરનું નિધન**

  પ્રખ્યાત જળ નીતિ નિષ્ણાત રામાસ્વામી આર. ઐયરનું નિધન થઇ ગયું. તેમણે વર્ષ 1987માં ભારતની પ્રથમ રાષ્ટ્રીય જળ નીતિનો મુસદ્દો તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના બહુમૂલ્ય યોગદાન માટે તેમણે વર્ષ 2014માં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- **ઈસરો ગાંધી શાંતિ પુરસ્કાર દ્વારા સન્માનિત**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી દ્વારા ઈસરો વર્ષ 2014 માટે ગાંધી શાંતિ પુરસ્કાર માટે સન્માનિત. આ પુરસ્કાર ઈસરોના અધ્યક્ષ એ. એસ. કિરણ કુમારે ગ્રહણ કર્યો. આ પુરસ્કાર સ્પેસ ટેકનોલોજીના વિકાસમાં યોગદાન માટે આપવામાં આવ્યો, જેમાં મંગળયાન, PSLV તથા અન્ય સેવા ઉપગ્રહોને લોન્ચ કરવાનું સામેલ છે.

  **ગાંધી શાંતિ પુરસ્કાર**

  ગાંધી શાંતિ પુરસ્કારનો આરંભ વર્ષ 1995માં મહાત્મા ગાંધીની 125મી જન્મ શતાબ્દીએ કરવામાં આવ્યો હતો. આ પુરસ્કાર કોઈ નાગરિક અથવા સંગઠનને અહિંસા અથવા ગાંધીવાદી સિદ્ધાંતોના માધ્યમથી સામાજિક, આર્થિક અને રાજનૈતિક પરિવર્તન લાવવા માટે આપવામાં આવે છે. તાન્ઝાનિયાના પૂર્વ રાષ્ટ્રપતિ જુલિયસ કે ન્યેરે આ પુરસ્કાર મેળવનાર પ્રથમ વ્યક્તિ હતા.

- **વ્હાઈટ લેબલ એટીએમમાં 100% એફડીઆઈને મંજુરી**

  કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં વ્હાઈટ લેબલ એટીએમની સ્થાપના માટે 100% પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ને મંજુરી આપી. વ્હાઈટ લેબલ એટીએમ નોન-બેંકિંગ ઉદ્યમો દ્વારા સ્થાપિત કરવામાં આવે છે.

www.crackgpsc.com

કોઈ નોન-બેંકિંગ સાહસ દ્વારા વ્હાઈટ લેબલ એટીએમની સ્થાપના માટે તેની પાસે જે તે નાણાકીય વર્ષમાં 100 કરોડ રૂપિયાનું નાણાકીય બજેટ હોવું જરૂરી છે.

- **અનવર જહીર જમાલીએ પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા**

અનવર જહીર જમાલીએ પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા. તેઓ પાકિસ્તાનના 24મા મુખ્ય ન્યાયાધીશ છે. રાષ્ટ્રપતિ મમનૂન હુસેને તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા.

- **વિરાટ કોહલી 'યુએઈ રોયલ્સ' ટેનિસ ટીમના સહ-માલિક બન્યા**

ભારતીય ક્રિકેટ ખેલાડી વિરાટ કોહલી ઇન્ટરનેશનલ પ્રીમિયર ટેનિસ લીગ (આઈપીટીએલ)ની ફ્રેન્ચાઇઝી ટીમ 'યુએઈ રોયલ્સ'ના સહ-માલિક બન્યા. પ્રીમિયર ટેનિસ લીગ (આઈપીટીએલ) આઈપીએલની જેમ જ ટીમ બેઝ્ડ છે. તેના ફાઉન્ડર ઇન્ડિયન ટેનિસ સ્ટાર મહેશ ભૂપતિ છે.

- **'શતકીય મહિલા પહેલ' યોજનાની શરૂઆતની ઘોષણા કરવામાં આવી**




કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે શતકીય મહિલા પહેલ યોજનાની શરૂઆત કરી. આ માટે લોકોની ભાગીદારી વધારવા માટે ફેસબુકના સહયોગથી 100 સફળ મહિલાઓના નામાંકન માગ્યાં છે. આ પહેલ હેઠળ એવી 100 મહિલાઓની પસંદગી કરવામાં આવશે જેમણે સમગ્ર દેશમાં સમુદાય અને રાષ્ટ્ર નિર્માણ માટે યોગદાન આપ્યું છે.

- **ઉદ્યોગ ક્ષેત્રની 50 પાવરફુલ મહિલાઓની સૂચિમાં ઈન્દ્રા નુયી બીજા સ્થાને**

ગ્લોબલ મેગેઝીન ફોર્ચ્યુન દ્વારા પ્રસ્તુત ઉદ્યોગ ક્ષેત્રની 50 પાવરફુલ મહિલાઓની યાદીમાં ભારતીય મૂળનાં પેપ્સીકોનાં સીઈઓ ઇન્દ્રા નુયી બીજા સ્થાને રહ્યાં. આ યાદીમાં જનરલ મોટર્સના સીઈઓ મેરી બારા પ્રથમ સ્થાને છે. ઈન્દ્રા નુયી ફોર્ચ્યુનની ઉદ્યોગ ક્ષેત્રની 50 પાવરફુલ મહિલાઓની યાદીમાં સ્થાન મેળવનાર ભારતીય મૂળનાં એક માત્ર કાર્યકારી મહિલા છે.

- **અમૃત અંતર્ગત વાર્ષિક કાર્ય યોજના પ્રસ્તુત કરનાર પ્રથમ રાજ્ય બન્યું રાજસ્થાન**

અટલ નવીનીકરણ અને શહેરી પરિવર્તન મિશન (અમૃત) અંતર્ગત રાજ્યની વાર્ષિક કાર્ય યોજના પ્રસ્તુત કરનાર રાજસ્થાન દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આ મિશનનો હેતુ રાજ્યના તમામ શહેરી નિવાસીઓને પાણીના પુરવઠા અને ગટર કનેક્શન પ્રદાન કરવાનો છે.

- **રાકેશ શર્મા કેનેરા બેંકના નવા MD અને CEO નિયુક્ત**

રાકેશ શર્માને કેનેરા બેંકના નવા MD અને CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ નિમણુક પહેલા તેઓ લક્ષ્મી વિલાસ બેંકમાં MD અને CEO તરીકે કાર્યરત હતા.

**કેનેરા બેંક**

કેનેરા બેંકની સ્થાપના વર્ષ 1906માં સમાજ સેવક અમ્મંબાલ સુબ્બારાવ પૈ દ્વારા કર્ણાટકના મેંગલોરમાં કરવામાં આવી હતી. આ બેંકનું રાષ્ટ્રીયકરણ 1969માં કરવામાં આવ્યું. આ બેંકનું મુખ્યાલય બેંગલુરુમાં છે.

- **ઓટો પોર્ટલ કાર દેખો ડોટ કોમે જીગવ્હીલ્સનું અધિગ્રહણ કર્યું**

  જયપુર સ્થિત ઓટો પોર્ટલ કાર દેખો ડોટ કોમે ટાઈમ્સ ઈન્ટરનેટની માલિકી વાળા ઓટો પોર્ટલ જીગવ્હીલ્સનું અધિગ્રહણ કર્યું. કાર દેખો ગિરનાર સોફ્ટની એક સહાયક કંપની છે, જે કાર દેખો, બાઈક દેખો, પ્રાઈસ દેખો અને ગાડી ડોટ કોમ જેવી સાઈટ્સનું સંચાલન કરે છે.

- **વડાપ્રધાન લી શેન લૂંગની પીએપીની સિંગાપુરની સામાન્ય ચૂંટણીમાં જીત**

  લી સિયાન લૂંગની સત્તારૂઢ પીપુલ્સ એક્શન પાર્ટીએ સિંગાપુરની સામાન્ય ચૂંટણીમાં ભારે બહુમતથી જીત મેળવી. પીપુલ્સ એક્શન પાર્ટી (પીએપી) સિંગાપુરની આઝાદી બાદથી જ સત્તા પર છે. વર્ષ 1965માં સિંગાપુર એક સ્વતંત્ર રાજ્ય બન્યું હતું. પીપુલ્સ એક્શન પાર્ટીની સ્થાપના લૂંગના પિતાજી લી કુઆન યીવે કરી હતી.

- **જળ એજન્સીઓની પુનઃરચના માટે મિહિર શાહ સમિતિની રચના**

  જળ સંસાધન વિભાગે કેન્દ્રીય જળ આયોગ (CWC) અને કેન્દ્રીય ભૂગર્ભ બોર્ડ (કેન્દ્રીય ભૂમિજળ બોર્ડ)ની પુનઃરચના માટે સાત સભ્યોવાળી સલાહકારી સમિતિની રચના કરી. નિષ્ણાત સમિતિની આગેવાની યોજના પંચના ભૂતપૂર્વ સભ્ય મિહિર શાહ કરશે.

- **અદિતિ અશોકે સિંઘલા થાઈલેન્ડ એમેચ્યોર ઓપન 2015 સ્પર્ધા જીતી**

  ભારતીય એમેચ્યોર ગોલ્ફ ખેલાડી અદિતિ અશોકે 81મી સિંઘલા થાઈલેન્ડ એમેચ્યોર ઓપન 2015 ગોલ્ફ સ્પર્ધાના મહિલા વર્ગનો ખિતાબ જીત્યો. આ સાથે જ અદિતિ બ્રિટીશ એમેચ્યોર સ્ટ્રોક પ્લે ચેમ્પિયનશિપ જીતનાર પ્રથમ ખેલાડી બની ગયાં.



www.crackgpsc.com

- **અમેરિકન ઓપન ટેનિસ ટુર્નામેન્ટ 2015 વિજેતા**
  - પુરુષ એકલ : નોવાક જોકોવિચ (સર્બિયા), (ઉપવિજેતા: સ્વીત્ઝરલેંન્ડના રોજર ફેડરર)
  - મહિલા એકલ : ફ્લાવિયા પેનેટા (ઇટાલી), (ઉપવિજેતા : ઇટાલીની રોબર્ટા વિન્સી)
  - પુરુષ યુગલ : નિકોલસ માહુત અને પિયરે હ્યુજ હર્બટ (ફ્રાન્સ)
  - મહિલા યુગલ : સાનિયા મિર્ઝા (ભારત) અને માર્ટિના હિંગિસ (સ્વીત્ઝરલેંન્ડ)
  - મિશ્રિત યુગલ : લીએન્ડર પેસ (ભારત) અને માર્ટિના હિંગિસ (સ્વીત્ઝરલેંન્ડ)

- **ડૉ. જી. સતીશ રેડ્ડી રોયલ એરોનોટિકલ સોસાયટી દ્વારા સન્માનિત**

લંડન સ્થિત 'ધ રોયલ એરોનોટિકલ સોસાયટી'એ (RAS) DRDO વૈજ્ઞાનિક ડૉ. જી. સતીશ રેડ્ડીને એરોસ્પેસની પ્રગતિ અને વિકાસમાં યોગદાન માટે વર્ષ 2015ના રજત ચંદ્રકથી સન્માનિત કરવાની ઘોષણા કરી. તેઓ વર્ષ 2013થી એમઆરએસએએમ (મીડીયમ રેન્જ સરફેસ એર મિસાઈલ) કાર્યક્રમના ડિરેક્ટર છે. વર્તમાનમાં તેઓ રક્ષા મંત્રીના વૈજ્ઞાનિક સલાહકાર છે.

**રોયલ એરોનોટિકલ સોસાયટી**

આ સોસાયટી વર્ષ 1866માં સ્થાપિત કરવામાં આવી હતી. આ વિશ્વની સૌથી પ્રાચીન એવિએશન સોસાયટી છે. આનું મુખ્યાલય લંડનમાં છે. આ સંસ્થા વર્ષ 1909થી એરોસ્પેસ ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનારને સન્માનિત કરતી આવી છે. વર્ષ 1909માં આ સંસ્થાએ વિલ્બર અને ઓરવિલે રાઈટને પ્રથમ સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કર્યા હતા. આ સોસાયટી વિવિધ ક્ષેત્રે સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક આપે છે.

- **જેરેમી કોર્બિન બ્રિટનમાં લેબર પાર્ટીના નેતા ચૂંટાયા**

જેરેમી કોર્બિન યુનાઇટેડ કિંગડમમાં લેબર પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા. આ પસંદગી ઉપરાંત તેઓ હાઉસ ઓફ કોમન્સમાં વિપક્ષના નેતા બની ગયા. એડ મિલિબેંડે 2015ની સામાન્ય ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ પોતાના પદેથી રાજીનામુ આપ્યું હતું જેને કારણે આ ચૂંટણી જરૂરી બની ગઈ હતી.

- **વેસ્ટ ઇન્ડિઝના ટેસ્ટ ક્રિકેટર શિવનારાયણ ચંદ્રપાલ આઇકન પુરસ્કારથી સન્માનિત**

વેસ્ટ ઇન્ડિઝના ટેસ્ટ ક્રિકેટર શિવનારાયણ ચંદ્રપાલને ઇંડો-કેરેબિયન એલાયન્સ દ્વારા આઇકન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. શિવનારાયણ ચંદ્રપાલ વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ ટીમ તરફથી 100 ટેસ્ટ રમનાર પ્રથમ ઈંડો-કેરેબિયન છે.

- **નૃત્યાંગના કલામંડલમ સત્યભામાનું નિધન**

પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત મોહિનીઅટ્ટમ નૃત્યાંગના કલામંડલમ સત્યભામાનું નિધન થઇ ગયું. મોહિનીઅટ્ટમ સાથે કેટલાક પ્રયોગાત્મક સુધારા કરનાર સત્યભામાએ આ પારંપરિક નૃત્ય શૈલીને રાજ્યમાં એક લોકપ્રિય નૃત્ય શૈલી બનાવી. મોહિનીઅટ્ટમ કેરલની શાસ્ત્રીય નૃત્ય શૈલી છે જેનો હિન્દીમાં અર્થ 'મોહિત કરનાર નૃત્ય' થાય છે.

www.crackgpsc.com

- **ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન બ્રાયન ક્લોસનું નિધન**

ઇંગ્લેન્ડ તરફથી સૌથી નાની વયમાં ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરનાર ભૂતપૂર્વ કેપ્ટન બ્રાયન ક્લોસનું નિધન થયું. તેઓ હાલમાં પણ ટેસ્ટ પદાર્પણ કરનાર ઇંગ્લેન્ડના સૌથી યુવા ખેલાડી છે.

- **ફ્લોયડ મેવેદરે પોતાની કારકિર્દીની સતત 49મી જીત મેળવી**

ફ્લોયડ મેવેદરે આન્દ્રે બર્ટોને હરાવીને પોતાની કારકિર્દીની સતત 49મી જીત મેળવી. મેવેદરે મેચની પુર્ણાહુતિ બાદ મુક્કેબાજીમાંથી સન્યાસ લેવાની ઘોષણા પણ કરી. આ સાથે જ મેવેદરની જીતનો રેકોર્ડ 49-0 થઇ ગયો. તેમણે પોતાના બોક્સિંગ કરિયરમાં એક પણ સ્પર્ધા હારી નથી.




- **વિશ્વ હિન્દી સંમેલન ભોપાલમાં સંપન્ન**

વર્ષ 2015માં દસમા વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન 10થી 12 સપ્ટેમ્બર સુધી ભોપાલ (મધ્ય પ્રદેશ) માં કરવામાં આવ્યું. વિશ્વ હિન્દી સંમેલનની સંકલ્પના રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધા દ્વારા 1973માં કરવામાં આવી હતી. પ્રથમ વિશ્વ હિન્દી સંમેલન 10-12 જાન્યુઆરી 1975ના રોજ નાગપુર, ભારતમાં આયોજિત કરવામાં આવ્યું હતું. દસમા હિન્દી સંમેલનના હિન્દી ગાનના રચયિતા મહેશ શ્રીવાસ્તવ છે. વિશ્વ હિન્દી સંમેલન વર્ષ 1975થી વિશ્વના વિવિધ દેશોમાં યોજવામાં આવી રહેલ છે.

- **ભારતમાં 14 સપ્ટેમ્બરે 'હિન્દી દિવસ' ઉજવાયો**

ભારતમાં 14 સપ્ટેમ્બર 2015ના રોજ હિન્દી દિવસ ઉજવાયો. આ દિવસનો હેતુ ભારતની માતૃભાષાને પ્રોત્સાહન આપવાનો અને દેશ અને વિશ્વ સ્તરે આના મહત્વ પર પ્રકાશ પાડવાનો છે. હિન્દી દિવસ 14 સપ્ટેમ્બરના રોજ એટલા માટે ઉજવાય છે કે આ દિવસે 1949માં ભારતની બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં લખાયેલ હિન્દીને સંઘની રાજભાષા તરીકે માન્યતા આપી હતી. એક ભાષા તરીકે હિન્દી વિશ્વમાં ચોથી સૌથી અધિક બોલવામાં આવતી ભાષા છે. સંઘની રાજભાષા નીતિનો ઉલ્લેખ બંધારણની કલમ 120 (ભાગ-5), કલમ 210 (ભાગ-6), વિભાગ 343, 344માં અને 348માં કરવામાં આવેલ છે. બંધારણના ભાગ 17માં (કલમ 343થી 351 સુધી) સંઘ અને રાજ્યોની રાજભાષાને નિર્ધારિત કરવામાં આવેલ છે.

- **રેલ મંત્રાલય રાજભાષા કીર્તિ પુરસ્કારથી સન્માનિત**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ રેલ મંત્રાલયને 'રાજભાષા કીર્તિ પુરસ્કાર'થી સન્માનિત કર્યું. દર વર્ષે 14 સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિ દ્વારા હિન્દીમાં શ્રેષ્ઠ કાર્ય માટે રાજભાષા કીર્તિ પુરસ્કાર આપવામાં આવે છે.




## ➢ 3rd week

- **નેપાળ બંધારણ સભા દ્વારા દેશને હિંદુ રાષ્ટ્ર બનાવવાનો પ્રસ્તાવ રદ**

નેપાળ બંધારણ સભાએ નેપાળને હિંદુ રાષ્ટ્ર ઘોષિત કરવાના પ્રસ્તાવને બહુમતિ મતદાનથી નકાર્યો. હિંદુ રાષ્ટ્ર સમર્થક સમૂહ રાષ્ટ્રીય પ્રજાતાંત્રિક પાર્ટી નેપાળ (આરપીપી-એન) તરફથી આ પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો. નેપાળ એક હિંદુ બહુમતીવાળું રાષ્ટ્ર છે જેને વર્ષ 2006માં રાજાશાહીના અંત બાદ વર્ષ 2007માં ધર્મનિરપેક્ષ ઘોષિત કરવામાં આવ્યું હતું.

- **ખેડૂતોને મનરેગા અંતર્ગત વધારાના 50 દિવસનું કામ મળશે**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) યોજના હેઠળ દુકાળગ્રસ્ત ક્ષેત્રોમાં બિનકુશળ કામદારોને નિયમિત કામના ઉપરાંત 50 દિવસોનું કામ આપવામાં આવશે. સમગ્ર દેશમાં ચોમાસુ વરસાદ 16% ઓછો થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો.

- **RBIએ સહારા ઇન્ડિયાનું એનબીએફસી તરીકેનું રજીસ્ટ્રેશન રદ કર્યું**

ભારતીય રિઝર્વ બેંકે સહારા ઇન્ડિયા ફાયનાન્સિઅલ કોર્પોરેશનનું નોન-બેન્કિંગ ફાયનાન્સિઅલ કંપની (એનબીએફસી) તરીકેનું રજીસ્ટ્રેશન રદ કરી દીધું. સહારા ગ્રુપના હેડ સુબ્રતો રોય માર્ચ 2014થી જેલમાં છે. સહારા ગ્રુપનો સેબી સાથે રોકાણકારોના હજારો કરોડ રૂપિયા પરત કરવાની બાબતે લાંબા સમયથી વિવાદ છે.

- **ભારતીય કલારીપ્પયાટ્ટુ સંઘને ક્ષેત્રીય ખેલ મહાસંઘ તરીકે માન્યતા**

યુથ એન્ડ સ્પોર્ટ્સ મીનીસ્ટ્રીએ સ્થાનિક મહત્વ ધરાવતી રમતોના પ્રસારને પ્રોત્સાહન અને સ્વીકૃતિ આપવાના હેતુથી ભારતીય કલારીપ્પયાટ્ટુ મહાસંઘને રિજનલ સ્પોર્ટ્સ ફેડરેશન તરીકે માન્યતા આપી.

**કલારીપ્પયાટ્ટુ**

કલારીપ્પયાટ્ટુ એક પ્રકારની માર્શલ આર્ટ છે, જે કેરળ અને તમિલનાડુના અમુક ભાગોમાં પ્રદર્શિત કરવામાં આવે છે. કલારીપ્પયાટ્ટુમાં કલારી શબ્દ સંગમ સાહિત્યમાંથી લેવામાં આવ્યો છે, જેનો અર્થ યુદ્ધ અને યુદ્ધના મેદાન બંનેનું વર્ણન કરવાનું છે. આને વિશ્વની સૌથી પ્રાચીન માર્શલ આર્ટ માનવામાં આવે છે.

- **ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન ટોની એબોટ સત્તા પરથી બરતરફ**

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન ટોની એબોટને પાર્ટીની આંતરિક ચૂંટણીઓ દ્વારા સત્તા પરથી બરતરફ કરવામાં આવ્યા. આ ચૂંટણી ટર્નબુલ દ્વારા આરોપ લગાવાયા બાદ કરાવવામાં આવી જેમાં તેમણે ટોની એબોટને અસમર્થ દર્શાવતાં દેશની આર્થિક પ્રગતિ માટે નવા નેતૃત્વની વાત કરી હતી.

- **શેખ હસીનાની 'યુનાઇટેડ નેશન્સ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' પુરસ્કાર માટે પસંદગી**

બાંગ્લાદેશમાં જળવાયુ પરિવર્તન સંબંધી પ્રયાસો માટે વડાપ્રધાન શેખ હસીનાને 'યુનાઇટેડ નેશન્સ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યાં. આ પુરસ્કાર સંયુક્ત રાષ્ટ્રો પર્યાવરણ



www.crackgpsc.com

કાર્યક્રમ (UNP) દ્વારા આપવામાં આવે છે. બાંગ્લાદેશ વિશ્વનો પ્રથમ દેશ છે જેણે દેશમાં કલાઈમેટ ચેન્જ ટ્રસ્ટ ફંડ સ્થાપિત કરેલ છે.

- **ભારતીય મૂળના અશોક એલેકઝાન્ડર શ્રીધરન બોન શહેરના મેયર બન્યા**

  અશોક એલેકઝાન્ડર શ્રીધરન જર્મનીમાં બોન શહેરના મેયર તરીકે ચૂંટાઈ આવનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ બન્યા. શ્રીધરનના પિતા પ્રવાસી ભારતીય છે અને તેમનાં માતા જર્મન છે. બોન શહેર જર્મનીના એકીકરણ પહેલાં પશ્ચિમ જર્મનીની રાજધાની હતું.

- **લાઈક માઈન્ડેડ વિકાસશીલ દેશોની બેઠક નવી દિલ્હીમાં આયોજીત**

  જળવાયુ પરિવર્તન મુદ્દે લાઈક માઈન્ડેડ વિકાસશીલ દેશો (એલએમડીસી)ની બેઠક નવી દિલ્હીમાં યોજવામાં આવી. આ ભારતમાં એલએમડીસી દેશોની પ્રથમ બેઠક હતી.

- **હંગેરી દ્વારા શરણાર્થીઓની ધરપકડ કર્યા બાદ દેશમાં કટોકટી લાગુ**

  હંગેરીએ સર્બિયામાંથી ગેરકાયદેસર બોર્ડર પાર કરીને પ્રવેશ કરનાર 10000 શરણાર્થીઓની ધરપકડ કર્યા બાદ દેશમાં કટોકટી લાગુ કરી દીધી. હંગેરીએ સર્બિયા સાથે સંકળાયેલ પોતાની દક્ષિણ સીમા સીલ કરી દીધી. હંગેરીમાં આવનાર શરણાર્થીઓમાં સૌથી વધુ સંખ્યા સીરિયન નાગરિકોની છે, જે વર્ષ 2011થી ચાલુ ગૃહ યુદ્ધના કારણે પલાયન થઈ રહ્યા છે.

- **મૈલ્કમ ટર્નબુલે ઓસ્ટ્રેલિયાના 29મા વડાપ્રધાન તરીકે શપથ લીધા**

  મૈલ્કમ ટર્નબુલે ઓસ્ટ્રેલિયાના 29મા વડાપ્રધાન તરીકે શપથ લીધા. ટર્નબુલ પાછલા 8 વર્ષમાં દેશના પાંચમા વડાપ્રધાન છે. ટર્નબુલે લિબરલ પાર્ટીના આંતરિક મતદાનમાં ટોની એબોટને હરાવ્યા. મૈલ્કમ સપ્ટેમ્બર 2013થી સપ્ટેમ્બર 2015 સુધી ઓસ્ટ્રેલિયાના સંચાર મંત્રી રહ્યા.

- **અનુપમ ખેર કેલીફોર્નીયાની ધારાસભા દ્વારા માન્યતા પ્રમાણ પત્રથી સન્માનિત**

  બોલીવુડના પ્રખ્યાત અભિનેતા અનુપમ ખેરને કેલીફોર્નીયા (અમેરિકા)ની ધારાસભા દ્વારા 'માન્યતા પ્રમાણ પત્ર'થી સન્માનિત કરવામાં આવ્યા. અનુપમ ખેરને કાશ્મીરી હિંદુઓની મદદ પ્રત્યે તેમના સમર્પણને ધ્યાનમાં રાખી આ સન્માન આપવામાં આવ્યું.

- **વરિષ્ઠ પત્રકાર કૃષ્ણ મોહન ઝાની ગીત રચના 'શાન બઢાને આયા હૂં'નું વિમોચન**

  વરિષ્ઠ પત્રકાર કૃષ્ણમોહન ઝાની ગીત રચના 'શાન બઢાને આયા હૂં'નું વિમોચન કરવામાં આવ્યું. આ ગીત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અત્યાર સુધીની રાજનૈતિક યાત્રા અને તેમની ભાવી યોજનાઓ પર પ્રકાશ પાડે છે.

- **ભારતીય મૂળની સ્વેથા પ્રભાકરનને વ્હાઈટ હાઉસ દ્વારા ચેમ્પિયન્સ ઓફ ચેન્જ પુરસ્કાર**

  ભારતીય મૂળની 15 વર્ષીય કિશોરી સ્વેથા પ્રભાકરનને અમેરિકામાં વ્હાઈટ હાઉસ દ્વારા ચેમ્પિયન્સ

www.crackgpsc.com

ઓફ ચેન્જ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી. તેને આ પુરસ્કાર એક વિશેષ કાર્યક્રમ દ્વારા પોતાના સમુદાયને સશક્ત બનાવવા માટે આપવામાં આવ્યો.

- **ચીનનું હોંગઝોઉ શહેર વર્ષ 2022ની એશિયન ગેમ્સની મેજબાની કરશે**

પૂર્વ ચીનના ઝેંજિયાંગ પ્રાંતની રાજધાની હોંગઝોઉને એશિયા ઓલિમ્પિક પરિષદ (ઓસીએ) દ્વારા વર્ષ 2022ની એશિયન ગેમ્સની મેજબાની માટે પસંદ કરવામાં આવ્યું.

**એશિયન ગેમ્સ**

- એશિયન ગેમ્સનો પ્રારંભ વર્ષ 1951માં થયો હતો.
- આને એશિયાડના નામથી પણ ઓળખાય છે.
- આ દર ચાર વર્ષ બાદ એશિયાના કોઈ દેશમાં યોજવામાં આવે છે.
- પ્રથમ એશિયન ગેમ્સનું આયોજન વર્ષ 1951માં દિલ્હીમાં કરવામાં આવ્યું હતું.
- ઓલિમ્પિક ગેમ્સ બાદ એશિયન ગેમ્સને બીજી સૌથી મોટી મલ્ટી-સ્પોર્ટ્સ સ્પર્ધા માનવામાં આવે છે.

- **એનએક્સટી ડિજીટલ-હેડએન્ડ ઇન ધ સ્કાઈ પ્લેટફોર્મનો શુભારંભ**

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતો તથા સૂચના અને પ્રસારણ મંત્રી અરુણ જેટલીએ ડિજીટલાઇઝેશન પહેલ અંતર્ગત 'હેડએન્ડ ઇન ધ સ્કાઈ' (હિટ્સ) ડિજીટલ પ્લેટફોર્મનો શુભારંભ કર્યો. આ પ્લેટફોર્મ હિન્દુજા ગ્રુપના બ્રાન્ડ નેમ એનએક્સટી ડિજીટલ અંતર્ગત શરુ કરવામાં આવેલ છે.

**એનએક્સટી ડિજીટલ**

એનએક્સટી ડિજીટલ એક MPEG 4 સેવા છે જેનો હેતુ કેબલ ઓપરેટર્સ અને ગ્રાહકોને ડિજીટલ સેવા આપવાનો છે. અ સુવિધાના માધ્યમથી લગભગ 500 લોકલ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેનલ્સ જોઈ શકાશે. આના માધ્યમથી ઉપભોક્તા મોબાઈલ અને ટેબલેટ જેવા ઉપકરણો પર પણ ટીવી સેવાનો લાભ મેળવી શકશે. આ ઉપરાંત આ ટેકનીકના માધ્યમથી દૂરના વિસ્તારોમાં કટોકટીની પરિસ્થિતિમાં સૂચનાનો પ્રસાર કરવાનું પણ સરળ બનશે.

- **16 સપ્ટેમ્બર : ઓઝોન સ્તરની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય દિવસ**

'ઓઝોન સ્તરની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય દિવસ'ને 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ ઉજવાય છે. ઓઝોન સ્તર સૂર્યનાં પારજાંબલી કિરણો (UV RADIATIONS)ની મહત્તમ માત્રા શોષી લે છે જે પૃથ્વી પર જીવન માટે હાનિકારક છે.

- **શોટ પુટમાં મનપ્રીત કૌરે 18 વર્ષ જુનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો**

ભારતીય રેલ્વેની શોટ પુટ ખેલાડી મનપ્રીત કૌરે 18 વર્ષ જુનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો. મનપ્રીતે વર્ષ 1997માં હરબંસ કૌર દ્વારા બનાવેલ 17.43 મીટરના રેકોર્ડને 17.96 મીટરના અંતરેથી તોડ્યો.

www.crackgpsc.com

- **કેન્દ્ર સરકારે શ્યામા પ્રસાદ મુખરજી ગ્રામીણ મિશનને મંજુરી આપી**

  કેન્દ્ર સરકારે 5142 કરોડ રૂપિયાના શ્યામા પ્રસાદ મુખરજી ગ્રામીણ મિશનને મંજુરી આપી. આનો હેતુ ગામડાને સ્માર્ટ ગામમાં બદલવાનો, સ્થાનિક સ્તરે લોકોને રોજગાર આપવાનો, મહાનગરો તરફની દોટને રોકવાનો અને ગ્રામિણ ક્ષેત્રોમાં આર્થિક વિકાસને ગતિ આપવાનો છે.

- **ટુ યર એઈટ મંથ્સ એન્ડ ટ્વેન્ટી એઈટ નાઈટ્સ : સલમાન રશ્દી**

  'ટુ યર એઈટ મંથ્સ એન્ડ ટ્વેન્ટી એઈટ નાઈટ્સ' નવલકથા સલમાન રશ્દીએ લખી છે. આનું પ્રકાશન રેન્ડમ હાઉસ, ન્યુયોર્ક દ્વારા કરવામાં આવેલ છે. આ નવલકથા પૂર્વની પારંપરિક આશ્ચર્યચકિત કરનારી વાર્તાઓ વન્ડર ટેલ્સથી પ્રેરિત છે. સલમાન રશ્દીને તેમની નવલકથા 'મિડનાઈટ ચિલ્ડ્રન્સ' માટે વર્ષ 1981માં બુકર પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- **આફ્રિકન દેશ બુર્કિના ફાસોમાં સેના દ્વારા સત્તા પલટ**

  પશ્ચિમ આફ્રિકન દેશ બુર્કિના ફાસોમાં સેના દ્વારા સત્તા પલટ કરવામાં આવી. પ્રેસિડેન્શીઅલ ગાર્ડ (RSP) રાષ્ટ્રપતિ માઈકલ કાફાંડો તથા વડાપ્રધાન ઇસાક ઝિદાને બંધક બનાવી લીધા. ભૂતપૂર્વ જનરલ ગિલ્બર્ટ દિએંદેરે દેશના નવા નેતા હશે.

- **કૃષ્ણા-ગોદાવરી નદીઓને ફરીથી જોડવાનું કામ સંપૂર્ણ**

  દેશમાં પ્રથમ વખત બે નદીઓ કૃષ્ણા-ગોદાવરીને જોડવાનું કામ આંધ્રપ્રદેશના ઇબ્રાહિમપટ્નમાં પૂર્ણ થયું. આનાથી લગભગ 17 લાખ એકર જમીન પર બે પાકોને સિંચાઈ માટે પાણી મળશે અને સેંકડો ગામડાઓ સુધી પાણી પહોંચશે. દેશમાં નદીઓને જોડવાનો પ્રથમ પ્રયાસ સૌપ્રથમ લગભગ 200 વર્ષ પહેલાં બ્રિટિશ એન્જીનિયર સર આર્થર કોટને કર્યો હતો. આર્થર ગોદાવરીને કૃષ્ણા નદીથી જોડવા માંગતા હતા. ત્યારબાદ એન્જીનિયર કે. એલ. રાવે વર્ષ 1950માં પ્રથમ વખત નદીઓને જોડવાના પ્રોજેક્ટ પર કામ શરુ કર્યું હતું.

- **ઓસ્ટ્રેલિયામાંથી સૌથી લાંબી મહાદ્વીપીય જ્વાળામુખીઓની શ્રેણી મળી**

  પાકિસ્તાનમાં શરણાર્થી છોકરીઓના શિક્ષણ માટે પોતાનું જીવન સમર્પિત કરનાર અફઘાન શરણાર્થી શિક્ષક અકિલા અસિફીને સંયુક્ત રાષ્ટ્રના હાઈ કમિશનરે (UNHCR) નાનસેન રેફ્યુજી એવોર્ડ 2015થી સન્માનિત કર્યા. ન્યુનતમ સંસાધનો અને મહત્વપૂર્ણ સાંસ્કૃતિક પડકારો હોવા છતાં અસિફીએ પ્રાથમિક શિક્ષણના માધ્યમથી 1000 શરણાર્થી છોકરીઓને માર્ગદર્શન આપ્યું.

- **દુકાળગ્રસ્ત ખેડૂતોને રાહત માટે નાના પાટેકરે નામ ફાઉન્ડેશનની સ્થાપના કરી**

  દુકાળગ્રસ્ત ખેડૂતોને પૈસા દાન લારવા માટે નાના પાટેકર અને તેમના મિત્ર મરાઠી અભિનેતા મકરંદ અનસપૂરેએ નામ ફાઉન્ડેશનની સ્થાપના કરી. નામ ફાઉન્ડેશન દ્વારા એકત્ર કરવામાં આવેલ પૈસા દુકાળ પ્રભાવિત ગામોના યુવાનોને લાભકારી યોજનાઓ પૂરી પાડવા માટે પણ ઉપયોગમાં લેવાશે.



www.crackgpsc.com

- **અફઘાન શરણાર્થી શિક્ષક અકિલા અસિફીને UNHCRનો નાનસેન રેફ્યુજી એવોર્ડ**

  પૂર્વ ઓસ્ટ્રેલિયામાં 2000 કિમીથી વધુ વિસ્તારમાં ફેલાયેલ દુનિયાની સૌથી લાંબી મહાદ્વીપીય જ્વાળામુખીઓની શ્રેણી મળી. આનું નિર્માણ 3.30 કરોડ વર્ષ પહેલાં ઓસ્ટ્રેલિયાના ઉત્તર પૂર્વ તરફ ખસવાથી થયું હતું. ઓસ્ટ્રેલિયા પૃથ્વી પર સરકવાની ગતિવિધિઓથી સર્વાધિક પ્રભાવિત થનાર દેશ છે. તે દર વર્ષે 7 સેમી ઇન્ડોનેશિયા તરફ ખસી જાય છે.

- **9મો ક્ષેત્રીય પ્રવાસી ભારતીય દિવસ લોસ એન્જલસમાં યોજાશે**

  9મો ક્ષેત્રીય પ્રવાસી ભારતીય દિવસ (આરપીબીડી) 14 નવેમ્બરથી 15 નવેમ્બર 2015 વચ્ચે લોસ એન્જલસ, કેલીફોર્નીયા, અમેરિકામાં યોજાશે. પ્રથમ ક્ષેત્રીય પ્રવાસી ભારતીય દિવસનું આયોજન વર્ષ 2007માં ન્યુયોર્કમાં કરવામાં આવ્યું હતું.

- **2000 વર્ષ પ્રાચીન અશોક સ્તૂપનો ચીનમાં જીર્ણોદ્ધાર**

  તિબેટીયન શહેર નાંગચેનમાં ભારતીય ભિક્ષુ જ્ઞાલવાંગ દ્રુકપા દ્વારા 2000 વર્ષ જુના એક સ્તૂપનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો. આ સ્તૂપ ભગવાન બુદ્ધની નિશાની તરીકે બનાવવામાં આવેલ 19 સ્તૂપોમાંનો એક છે જેને સમ્રાટ અશોકે ચીન મોકલ્યો હતો. આ સ્તૂપ ભારતમાંથી બૌદ્ધ ધર્મના ચીન આગમનનું પ્રતિક છે. નાંગચેન સ્તૂપ તિબેટીયન ક્ષેત્રમાં મળી આવેલ પ્રથમ સ્તૂપ છે.


## ➢ 4th week

- **કેન્દ્ર સરકારે વડાપ્રધાન ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના શરુ કરી**

  કેન્દ્ર સરકારે ખનનથી સીધી કે પરોક્ષ રીતે પ્રભાવિત ક્ષેત્રોમાં રહેનાર લોકોના જીવનમાં પરિવર્તન માટે વડાપ્રધાન ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની (PMKKKY) શરૂઆત કરી. આ કાર્યક્રમથી ખનન સંબંધી પરિચાલનથી પ્રભાવિત લોકો તથા ક્ષેત્રોનું કલ્યાણ કરવામાં આવશે.

- **ભારત ચૂંટણી પંચે 'નોટા' માટે ચિહ્ન રજુ કર્યું**

  ભારત ચૂંટણી પંચે નોટા માટે પ્રતિક ચિહ્ન રજુ કર્યું. આને NID, અમદાવાદે ડિઝાઈન કરેલ છે. નોટા ચિહ્નમાં એક પેપર ઉપર ક્રોસ માર્ક દર્શાવવામાં આવેલ છે.



The NOTA symbol

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીમાં IPDS યોજનાની શરૂઆત કરી**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક ઘરે 24 X 7 વીજળી પૂરી પાડવા માટે વારાણસીમાં રાષ્ટ્રીય એકીકૃત વીજળી વિકાસ યોજના (IDPS) ની શરૂઆત કરી. આ યોજનાથી દેશમાં દરેકને 24 કલાક વીજળી સુનિશ્ચિત કરવાની છે. આ યોજનાના સંચાલન માટે પાવર ફાયનાન્સ કોર્પોરેશન નોડલ એજન્સી છે.

- **ફીફાના મહાસચિવ જેરોમ વાલ્કે સસ્પેન્ડ**

ફીફાના મહાસચિવ જેરોમ વાલ્કેને ભ્રષ્ટાચારના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા. તેમના પર વિશ્વ કપ મેચોની ટિકિટો તેની નક્કી કિંમત કરતા વધુ ભાવે વેચવાનો આરોપ હતો.

- **બ્રિટીશ લેખિકા જૈકી કોલિન્સનું નિધન**

ઇંગ્લેન્ડમાં જન્મેલ લેખિકા જૈકી કોલિન્સનું નિધન થઇ ગયું. તેઓ હોલીવુડમાં ગ્લેમરથી ભરપુર જીવન પર લખાયેલ જીવંત નવલકથાને કારણે પ્રસિદ્ધ હતાં. તેમણે 300થી વધુ પુસ્તકો લખ્યાં. તેમની મહત્તમ કૃતિઓ સ્પષ્ટવાદીતા, કામુકતા અને ખુલ્લાપણા પર આધારિત છે. તેમની કૃતિઓની 500 મિલિયનથી વધુ પ્રતિઓ સમગ્ર વિશ્વમાં વેચાઈ ચુકી છે.

- **શેરીફ ઈસ્માઈલે મિસરના વડાપ્રધાન પદના શપથ લીધા**

શેરીફ ઈસ્માઈલે મિસરના વડાપ્રધાન પદના શપથ લીધા. તેમને રાષ્ટ્રપતિ અબ્દેલ-ફતેહ અલ-સીસીએ શપથ અપાવ્યા. નિરંકુશ હોસ્ની મુબારકને સત્તા પરથી બેદખલ કર્યા બાદ વર્ષ 2011 પછી દેશમાં આ સાતમી રાષ્ટ્રીય સરકાર છે.

- **બીસીસીઆઈ અધ્યક્ષ જગમોહન દાલમિયાનું નિધન**

બીસીસીઆઈના અધ્યક્ષ જગમોહન દાલમિયાનું હૃદય રોગના હુમલાને કારણે નિધન થઇ ગયું. તેમણે ભારતીય ક્રિકેટ બોર્ડ ઉપરાંત બંગાળ ક્રિકેટ સંઘની પણ અધ્યક્ષતા કરી હતી. દાલમિયાએ વર્ષ 1997થી 2000 સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)ના અધ્યક્ષ તરીકે પણ પોતાની સેવા આપી. તેઓ ICCની અધ્યક્ષતા કરનાર પ્રથમ એશિયન હતા.

- **નેપાળે લોકતાંત્રિક ઢબે બનેલ પ્રથમ બંધારણને અપનાવ્યું**

નેપાળે રાષ્ટ્રપતિ રામ બરન યાદવ દ્વારા ચાર્ટરની ઘોષણા સાથે લોકતાંત્રિક ઢબે બનેલ પ્રથમ બંધારણને અપનાવી લીધું. આ સાથે જ નેપાળમાં બંધારણની પ્રકૃતિ વિષે 7 વર્ષોથી ચાલી આવતી રાજનૈતિક પાર્ટીઓનો સંઘર્ષ પૂર્ણ થયો. આ સંઘર્ષની શરૂઆત 2008માં 239 વર્ષ જૂની રાજાશાહીની પુર્ણાહુતિ સાથે થઇ હતી.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

- **67મા પ્રાઈમ ટાઈમ એમ્મી એવોર્ડ્સમાં ગેમ ઓફ થ્રોન્સે 12 પુરસ્કાર જીત્યા**

67મા પ્રાઈમ ટાઈમ એમ્મી એવોર્ડ્સમાં પ્રસિદ્ધ અમેરિકન કલ્પના નાટક ટીવી શ્રેણી ગેમ ઓફ થ્રોન્સે સર્વશ્રેષ્ઠ નાટ્ય શ્રેણી, સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતા (પીટર ડીંકલેજ), ડ્રામા સીરીઝમાં ઉત્કૃષ્ઠ લેખન અને પ્રદર્શન સહિત 12 પુરસ્કાર જીત્યા. આ ટીવી શ્રેણીએ પ્રથમ વખત સર્વશ્રેષ્ઠ લોકપ્રિય નાટકનો ખિતાબ જીત્યો.

- **વિક્રમ પાવા, હાર્લે-ડેવિડસન ભારતના નવા MD નિયુક્ત**

અમેરિકન મોટર-સાઇકલ નિર્માતા કંપની હાર્લે-ડેવિડસને વિક્રમ પાવાને હાર્લે-ડેવિડસન, ભારતના નવા MD નિયુક્ત કર્યા. વિક્રમ પાવા આ પહેલાં ભૂતપૂર્વ હોન્ડા કાર્સ ઇન્ડિયા લિ.ના ઉપાધ્યક્ષ અને સેલ્સ હેડ પણ રહી ચુક્યા છે. વિક્રમ ઉષા બ્રાન્ડના પંખા અને સિલાઈ મશીન નિર્માતા કંપની જે. એન્જીનિયરીંગ લિ. સાથે પણ કાર્ય કરી ચુક્યા છે.

- **જોન ટી ચેમ્બર્સ અમેરિકા-ભારત વેપાર પરિષદના અધ્યક્ષ ચૂંટાયા**

સિસ્કોના કર્મચારી અધ્યક્ષ જોન ટી ચેમ્બર્સ અમેરિકા-ભારત વેપાર પરિષદ (યુએસઆઈબીસી)ના નવા અધ્યક્ષ ચૂંટાયા. આ પરિષદનો હેતુ ભારત અને અમેરિકા વચ્ચે વાણિજ્યિક અને આર્થિક સંબંધોને મજબુત કરવાનો છે.

- **ચાંગે-5 : લુનર મિશનનો પૂર્વાભ્યાસ ચીનમાં સંપન્ન**
  - ચાંગે 5 ચીનનો એકમાત્ર ચંદ્રથી સેમ્પલ રિટર્ન મિશન છે.
  - આને સેમ્પલ રિટર્ન મિશન કહેવાય છે કારણ કે આ ચંદ્રની સપાટીથી ત્યાંની માટી અને ખડકોના ઓછામાં ઓછા 2 કિગ્રા નમુના સાથે ધરતી પર પાછુ ફરશે.
  - ચાંગે-5 હેઠળ એક માનવ રહિત યાનમાં ચંદ્રની સપાટીથી લગભગ 400000 કિમીએ પહોંચશે અને કોઈ લોન્ચ સાઈટ વગર ચંદ્રની સપાટી ઉપર રહેશે.
  - ચીનની ચંદ્રની દેવી 'ચાંગે'ના નામ ઉપર આ મિશનનું નામ રાખવામાં આવેલ છે.
  - ચીને 'માર્ચ-5' રોકેટનું જેને લઈને ચંદ્ર પર જવાનું છે તિઆંજિન બંદર પર રિહર્સલ કર્યું.

- **સાનિયા મિર્ઝા અને અજિંક્ય રહાણેને CCI નું આજીવન સભ્ય પદ**

ભારતની પ્રમુખ ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા અને ક્રિકેટર અજિંક્ય રહાણે ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડિયા (CCI)ના આજીવન સભ્ય પદથી સન્માનિત. CCI 1933માં સ્થાપિત આ એક પ્રાઇવેટ ક્લબ છે. આનો હેતુ દેશમાં ક્રિકેટ અને અન્ય રમતોને પ્રોત્સાહન આપવાનો છે.

- **હિંદુ મઠના સંત સ્વામી દયાનંદ સરસ્વતીનું નિધન**

હિંદુ મઠના સંત સ્વામી દયાનંદ સરસ્વતીનું ઋષિકેશ સ્થિત તેમના આશ્રમમાં મૃત્યુ થઇ ગયું. તેમનો જન્મ 15 ઓગષ્ટ 1930ના રોજ તમિલનાડુના તીરુવારૂરમાં નટરાજન ગોપાલા ઐય્યરના નામથી થયો હતો. તેઓ અદ્વૈત વેદાંતના પ્રસિદ્ધ શિક્ષક હતા તથા તેમણે અર્શ વિદ્યા ગુરૂકુલમની સ્થાપના કરી હતી.

www.crackgpsc.com

તેમણે આચાર્ય સભાની પણ સ્થાપના કરી. આ સભા વિશ્વભરના ધર્મગુરુઓને એક મંચ પર લાવે છે તથા હિંદુ ધર્મમાં આવનાર પડકારો પર ચર્ચા કરે છે.

- **ઓરિસ્સાની લલિતા પ્રસિદા શ્રીપદ શ્રીસાઈએ કોમ્યુનિટી ઇમ્પેકટ એવોર્ડ જીત્યો**

ઓરિસ્સાના કોરાપુટ જીલ્લાના નવમાં ધોરણની વિદ્યાર્થીની લલિતા પ્રસિદા શ્રીપદ શ્રીસાઈએ કેલીફોર્નીયામાં આયોજિત પાંચમા ગુગલ સાયન્સ ફેરમાં પ્રતિષ્ઠિત કોમ્યુનિટી ઇમ્પેક્ટ એવોર્ડ જીત્યો. તેને આ પુરસ્કાર ઓછા ખર્ચવાળા જૈવ-શોષક આધારિત વોટર પ્યોરીફાયર બનાવવાને કારણે આપવામાં આવ્યો. ગુગલ સાયન્સ ફેર એક ઓનલાઈન સાયન્સ કોમ્પિટિશન છે. આ કોમ્પિટિશન 13થી 18 વર્ષના વિદ્યાર્થીઓ માટે વિશ્વ સ્તરે યોજવામાં આવે છે.

- **હિન્દી લેખક ડૉ. કમલ કિશોર ગોયનકા 24મા વ્યાસ સન્માનથી પુરસ્કૃત**

પ્રસિદ્ધ હિન્દી લેખક ડૉ. કમલ કિશોર ગોયનકાને વર્ષ 2014 માટે 24મા વ્યાસ સન્માનથી પુરસ્કૃત કરવામાં આવ્યા. તેમને તેમની કૃતિ 'પ્રેમચંદ કી કહાનિયોં કા કાલ ક્રમાનુસાર અધ્યયન' માટે સન્માનિત કરવામાં આવ્યા.

**વ્યાસ સન્માન**

- આ પુરસ્કાર વર્ષ 1991માં કે. કે. બિડલા ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવ્યો.
- પાછલા 10 વર્ષ દરમ્યાન હિન્દીમાં પ્રકાશિત ઉત્કૃષ્ટ સાહિત્યિક કાર્યો માટે આપવામાં આવે છે.
- રામ વિલાસ શર્મા આ પુરસ્કાર મેળવનાર પ્રથમ લેખક હતા જેમણે 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર ઔર હિન્દી' માટે વર્ષ 1991માં આ પુરસ્કાર મેળવ્યો.

- **ઈન્દ્રા નુયી અને શોભના ભરતિયાને અમેરિકા-ભારત વેપાર પરિષદના વૈશ્વિક નેતૃત્વ પુરસ્કાર**

પેપ્સીકોનાં પ્રમુખ ઈન્દ્રા નુયી અને હિન્દુસ્તાન ટાઈમ્સ ગ્રુપનાં ચેરપર્સન શોભના ભરતિયાને અમેરિકા-ભારત વેપાર પરિષદ (યુએસઆઈબીસી)ના વૈશ્વિક નેતૃત્વ પુરસ્કાર-2015થી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને આ પુરસ્કાર વૈશ્વિક અર્થવ્યવસ્થામાં સમાવેશી ક્ષેત્રમાં કરવામાં આવેલ તેમના ઉલ્લેખનીય કાર્ય, વૈશ્વિક અર્થવ્યવસ્થા પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા અને મહિલાઓમાં અગ્રણી ભૂમિકા ભજવવા માટે આપવામાં આવ્યો.

- **પ્રથમ ભારત-અમેરિકા વ્યુહાત્મક અને વાણિજ્યિક ચર્ચા વોશિંગ્ટનમાં આયોજિત**

પ્રથમ ભારત-અમેરિકા વ્યુહાત્મક અને વાણિજ્યિક ચર્ચા સંયુક્ત રાજ્ય અમેરિકાના વોશિંગ્ટનમાં આયોજિત થઇ. આ બેઠક વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને અમેરિકન વિદેશ મંત્રી જોન કેરીની સહ-અધ્યક્ષતામાં યોજાઈ. આ બેઠકનો હેતુ આગામી પાંચ વર્ષોમાં દ્વિપક્ષીય વેપારને પાંચ ગણો વધારીને 500 અબજ ડોલર કરવાનો અને ક્ષેત્રીય સુરક્ષા વધારવાનો છે.

- **માઈકલ કફાંડોને બુર્કિના ફાસોના રાષ્ટ્રપતિ તરીકે બહાલી**

www.crackgpsc.com

માઈકલ કફાંડોને બુર્કિના ફાસોના રાષ્ટ્રપતિ તરીકે બહાલી આપવામાં આવી. કફાંડો નવેમ્બર 2014થી બ્લેઝ કોમ્પાઓર શાસનના પતન પછી દેશના અંતરિમ રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત હતા. તેમને અને વડાપ્રધાન યાકોઉબા ઇસ્સાક જિદાને રેજીમેન્ટ ઓફ પ્રેસિડેંસીઅલ સિક્યોરિટી (આરએસપી) દ્વારા સત્તાપલટ બાદ બંદી બનાવવામાં આવ્યા હતા. આરએસપી રાષ્ટ્રપતિની સુરક્ષા માટે રચિત એક ગુપ્ત અને સ્વાયત્ત સંગઠન છે.

- **ફોક્સવેગનના સીઈઓ માર્ટિન વિન્ટરકોર્ને રાજીનામું આપ્યું**

જર્મન કાર નિર્માતા કંપની ફોક્સવેગનના સીઈઓ માર્ટિન વિન્ટરકોર્ને રાજીનામું આપ્યું. તેમણે કંપની દ્વારા પ્રદુષણ તપાસ ગોટાળાના વિવાદને કારણે રાજીનામુ આપ્યું. ફોક્સવેગને ગાડીઓમાં એવું સોફ્ટવેર મુક્યું હતું જે પ્રદુષણ ટેસ્ટ દરમ્યાન કાર્બન ઉત્સર્જનને ઓછું કરીને બતાવતું હતું.

- **પટ્ટા પર જમીન ફાળવણી માટે નીતિ પંચે ટી હક નિષ્ણાત સમિતિ રચી**

નીતિ પંચે પટ્ટા પર જમીન ફાળવણી માટે નિષ્ણાત સમિતિની રચના કરી. 10 સભ્યોવાળી સમિતિની અધ્યક્ષતા એગ્રીકલ્ચરલ કોસ્ટ્સ એન્ડ પ્રાઈસીસ (CACP)ના ભૂતપૂર્વ પંચના અધ્યક્ષ ટી હક કરશે.

**કાર્ય :** પર્વતીય રાજ્યો અને અનુસૂચી ક્ષેત્રો સહિત રાજ્યોની વર્તમાન એગ્રીકલ્ચરલ ટેનન્સી લોની સમીક્ષા કરવી. સમિતિ પટ્ટા પર જમીન ફાળવણીને ઉદાર બનાવવા માટે કાયદામાં યોગ્ય સંશોધન માટે સલાહ સૂચન આપશે.

- **ચિકી સરકાર દ્વારા પ્રકાશન કંપની જોગરનટનો શુભારંભ**

પેંગ્વિન ઇન્ડિયાના ભૂતપૂર્વ પ્રકાશક અને રેન્ડમ હાઉસ ઇન્ડિયાના એડિટર-ઇન ચિફ ચિકી સરકારે WEB 18ના ભૂતપૂર્વ સીઈઓ દુર્ગા રઘુનાથના સહયોગથી પોતાની પ્રકાશન કંપની જોગરનટનો શુભારંભ કર્યો. વર્તમાનમાં દુર્ગા રઘુનાથ ફર્સ્ટપોસ્ટ નામના સમાચાર પોર્ટલના સીઈઓ અને સહ-સંસ્થાપક છે.

- **અમેરિકામાં વસતા ભારતીયોએ મિશન 2022નો શુભારંભ કર્યો**

અમેરિકામાં રહેનારા 30 લાખ ભારતીયોએ મિશન 2022નો શુભારંભ કર્યો. આને અમેરિકા-ભારત ભાગીદારીને 21મી સદીની નિર્ણાયક ભાગીદારી બનાવવા માટે ભારતીય ઉદ્યોગ પરિસંઘ(CII) સાથે મળીને શરૂ કરવામાં આવ્યું. મિશન 2022 અંતર્ગત આગામી સાત વર્ષોમાં પ્રવાસી ભારતીયો સાથે ચર્ચા કરવામાં આવશે. આ ચર્ચા દર છ માસે એકવાર યોજવામાં આવશે.

- **EPFO સ્માર્ટ ગવર્નન્સ માટે સ્કોચ એવોર્ડથી સન્માનિત**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને (EPFO) સ્માર્ટ ગવર્નન્સ માટે સ્કોચ એવોર્ડ જીત્યો. EPFOને બે સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યું. પ્રથમ એવોર્ડ EPFO સભ્યો માટે UAN શરૂ કરવા માટે અને બીજો એવોર્ડ ભારતમાં સામાજીક સુરક્ષા એજન્ડાના પરિવર્તન માટે આપવામાં

www.crackgpsc.com

આવ્યો. આ પુરસ્કાર સ્કોચ ગ્રુપ દ્વારા આપવામાં આવે છે. સ્કોચ ગ્રુપ ગુડગાંવ સ્થિત એક થિંક ટેંક છે. આ ગ્રુપ સમીર કોચર દ્વારા સ્થાપિત કરાયેલ છે.

- **શિવિંદર મોહનસિંહનું ફોર્ટિસ હેલ્થકેરના કાર્યકારી ઉપાધ્યક્ષ પદેથી રાજીનામુ**

  શિવિંદર મોહન સિંહે રાધા સ્વામી સત્સંગ બ્યાસ સાથે જોડાવાને કારણે ફોર્ટિસ હેલ્થકેર લિ.ના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ પદેથી રાજીનામુ આપ્યું. ફોર્ટિસ નવી દિલ્હી સ્થિત હોસ્પિટલ્સની એક શ્રેણી છે. દેશની સૌથી મોટી હેલ્થકેર ચેન ફોર્ટિસ હોસ્પિટલ દેશના લગભગ 15 શહેરો સિવાય દુબઈ, મોરેશિયસ અને શ્રીલંકા સહિત 10 દેશોમાં પણ છે.

- **સરદાર પોસ્ટ પર આધારિત ગ્રાફિક પુસ્તિકાનું વિમોચન**

  કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કચ્છના રણ ક્ષેત્રમાં સ્થિત સરદાર પોસ્ટમાં થયેલ 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમ્યાન CRPFના જવાનોની વીરતા અને બલિદાનનું ચિત્રણ કરનાર ગ્રાફિક પુસ્તિકાનું વિમોચન કર્યું. 9 એપ્રિલ 1965ના રોજ સરદાર પોસ્ટ પર CRPFની બે ટુકડીઓએ પાકિસ્તાનની પેદલ સેના દ્વારા કરાયેલ હુમલાનો સણસણતો જવાબ આપ્યો હતો.

- **સૌરવ ગાંગુલી બંગાળ ક્રિકેટ એસોસીએશનના અધ્યક્ષ નિયુક્ત**

  ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલીને બંગાળ ક્રિકેટ એસોસીએશન (CAB)ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ પદ દાલમિયાના આકસ્મિક મૃત્યુ પછી ખાલી થઇ ગયું હતું. જગમોહન દાલમિયાના પુત્ર અવિષેક દાલમિયાને ગાંગુલીના સ્થાને CABના સંયુક્ત સચિવ બનાવવામાં આવ્યા.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આયર્લેન્ડની મુલાકાત લીધી**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આયર્લેન્ડની યાત્રા કરી. તેઓ પાછલાં 59 વર્ષોમાં આયર્લેન્ડની યાત્રા પર જનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. આ પહેલાં જવાહર લાલ નહેરુ 1956માં આયર્લેન્ડ ગયા હતા. મોદીએ આયર્લેન્ડના વડાપ્રધાન એન્ડા કેની સાથે મુલાકાત કરી. બંને દેશોએ પરસ્પર સહયોગ, ડિજીટલ વર્લ્ડમાં ભાગીદારી, સીધી હવાઈ સેવા શરુ કરવાની સહમતિ નોંધાવી. ભારતે આયર્લેન્ડ દ્વારા સુરક્ષા પરિષદમાં સ્થાઈ સભ્યતા માટે સહયોગની માંગણી પણ કરી. ઉલ્લેખનીય છે કે ભારતીય બંધારણના નિર્દેશક સિદ્ધાંતોને આયરીશ બંધારણમાંથી લેવામાં આવેલ છે. ભારતની જીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા અને ભારતની પ્રથમ લિંગવિસ્ટિક સર્વે ઓફ ઇન્ડિયા આયરીશ નિષ્ણાતોના સહયોગથી સ્થાપિત કરાયેલ સંસ્થાઓ છે.

- **માર્સ ઓર્બિટર મિશન**

  ઈસરો દ્વારા માર્સ ઓર્બિટર મિશન હેઠળ મોકલવામાં આવેલ અંતરિક્ષયાન મંગળ ગ્રહની કક્ષામાં સ્થાપિત થઇ ગયું. ઈસરો એશિયાની પ્રથમ અને વિશ્વની ચોથી એવી અંતરિક્ષ એજન્સી છે જેણે મંગળની કક્ષામાં ઉપગ્રહ સ્થાપવામાં સફળતા મેળવી છે. આ પહેલાં રશિયાની રોસ્કોમ્સ, અમેરિકાની

નાસા અને યુરોપીયન સ્પેસ એજન્સી જ આ સફળતા મેળવી શકેલ છે. ભારત વિશ્વનો પ્રથમ દેશ છે જેને મંગળ ગ્રહની કક્ષામાં ઉપગ્રહ સ્થાપિત કરવામાં પ્રથમ પ્રયાસમાં જ સફળતા મેળવી લીધી.

- **મૈથિયાસ મુલર ફોક્સવેગનના મુખ્ય કાર્યકારી અધિકારી નિયુક્ત**

  મૈથિયાસ મુલરને જર્મન કાર કંપની ફોક્સવેગનના સીઈઓ નિયુક્ત કરવામાં આવ્યા. માર્ટિન વિન્ટરકોર્ને ફોક્સવેગન ઉત્સર્જન ગોટાળામાં ફોક્સવેગનના સીઈઓ પદેથી રાજીનામુ આપી દીધું હતું. ફોક્સવેગન જર્મનીની કાર ઉત્પાદન કંપની છે. આ વિશ્વમાં ટોયોટા બાદ બીજી સૌથી મોટી કંપની છે.

- **બાળ લગ્ન અધિનિયમ 2006 મુસલમાનો પર પણ લાગૂ: ગુજરાત હાઈકોર્ટ**

  ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે બાળ વિવાહ અધિનિયમ (પીસીએમએ) 2006 મુસલમાનો પર પણ લાગૂ થશે. આ અધિનિયમ બાળ વિવાહ નિરોધક અધિનિયમ, 1929 નું સ્થાન લેશે. આ મુજબ છોકરાઓ માટે લગ્નની વય 21 અને છોકરીઓ માટે 18 છે.




- **ભારતે ન્યુયોર્કમાં જી-4 શિખર સંમેલનની મેજબાની કરી**

  ભારતે ન્યુયોર્કમાં યોજાયેલ જી-4 શિખર સંમેલનની મેજબાની કરી. નરેન્દ્ર મોદી ઉપરાંત આ સંમેલનમાં અન્ય ત્રણ સભ્યો જર્મનીનાં ચાન્સેલર એન્જેલા મર્કેલ, જાપાનના વડાપ્રધાન શિંજો અબે અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ ડેલ્મા રોસેફએ પણ ભાગ લીધો. જી-4 ગ્રુપમાં ભારત, જાપાન, બ્રાઝિલ અને જર્મની સામેલ છે. તેઓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્થાઈ સભ્ય પદના વિસ્તારની માંગણી કરી રહ્યા છે. આ સમયે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સ્થાઈ સભ્ય છે : સંયુક્ત રાજ્ય અમેરિકા, ઇંગ્લેન્ડ, ચીન, રશિયા તથા ફ્રાન્સ.

- **ભારતે એડીબી સાથે 123.51 મિલિયન અમેરિકન ડોલરના કરાર કર્યા**

  ભારતે એશિયન ડેવલપમેન્ટ બેંક સાથે 123.51 મિલિયન અમેરિકન ડોલરના ઋણ કરાર પર હસ્તાક્ષર કર્યા. આનો હેતુ પંજાબ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં આધારભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવાનો છે. આ ઋણ આ રાજ્યોમાં આવેલ પર્યટક સ્થળોના સંરક્ષણ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

- **પાકિસ્તાન, ચીન, યુનાઇટેડ કિંગડમ અને અન્ય દેશોમાં ભારતીય દૂત નિયુક્ત**

  **ભારતીય દૂત નિયુક્ત :**

  | | |
  |---|---|
  | નવતેજ સરના : બ્રિટન, | અનિલ વાધવા : રોમ, |
  | ગૌતમ બમ્બાવલે : પાકિસ્તાન, | પંકજ સરન : રશિયા, |
  | વિજય ગોખલે : ચીન, | સુજાન ચિનોય : જાપાન. |

  આ ઉપરાંત સૈયદ અકબરુદ્દીન સંયુક્ત રાષ્ટ્રો, ન્યુયોર્કમાં ભારતના નવા સ્થાઈ પ્રતિનિધિ હશે.

- **વિશ્વ શાંતિ સ્થાપના પર લીડર્સ સમિટનું આયોજન**

www.crackgpsc.com

વિશ્વ શાંતિ સ્થાપના પર લીડર્સ સમિટનું આયોજન ન્યુયોર્કના સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં કરવામાં આવ્યું. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી મૂન ઉપરાંત આમાં 50થી વધુ અધિક દેશોના નેતાઓએ ભાગ લીધો જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા પણ સામેલ થયા હતા.


- **ખગોળ વિજ્ઞાન સંશોધન માટે સમર્પિત ભારતનો પ્રથમ ઉપગ્રહ 'એસ્ટ્રોસેટ' લોન્ચ**



ખગોળ વિજ્ઞાનના અભ્યાસ માટે સમર્પિત ભારતનો પ્રથમ ઉપગ્રહ 'એસ્ટ્રોસેટ'નું સફળ લોન્ચિંગ થયું. આનું પ્રક્ષેપણ પીએસએલવી સી-30 દ્વારા કરવામાં આવ્યું. પીએસએલવી સી-30 પોતાની સાથે 1,513 કિગ્રા વજનવાળા એસ્ટ્રોસેટ ઉપગ્રહ ઉપરાંત અમેરિકાના ચાર અને ઇન્ડોનેશિયા અને કેનેડાના એક-એક ઉપગ્રહોને સાથે લઇ ગયું.

- **મંગળ ગ્રહ પર પાણીના નક્કર પુરાવા : નાસા**

નાસાએ મંગળ ગ્રહ પર પાણીની હાજરીની ઘોષણા કરી. નાસાના માર્સ રીકાનાસસેંસ ઓર્બિટર સ્પેસક્રાફ્ટને મંગળ પર તરલ અવસ્થામાં સોલ્ટ પેરોક્લોટ હોવાનાં પ્રમાણ મળ્યાં છે. સેટેલાઈટથી પ્રાપ્ત આંકડાઓ પરથી જાણવા મળેલ છે કે શિખરો પર દેખાતી ગાઢ રંગની રેખાઓ પાણી અને મીઠાના કારણે બની છે. સોલ્ટ પેરોક્લોટ મંગળ પર તરલ અવસ્થામાં હાજર છે જેને કારણે મંગળ ગ્રહની સપાટી અને ઢાળો પર રેખાઓ બનેલ છે. સોલ્ટ પેરોક્લોટ નામનું આ મીઠુ -70 ડિગ્રી સે. તાપમાનમાં પણ પાણીને થીજવાથી બચાવે છે.




## Important One-Liner News

- રાઘવ ચંદ્ર નેશનલ હાઈ વે ઓથોરીટી ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ નિયુક્ત.
- એ. કે. ઝા નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC)ના અધ્યક્ષ અને CMD નિયુક્ત.
- સુનીલ અરોડાએ સુચના અને પ્રસારણ વિભાગના સચિવનો કાર્યભાર સંભાળ્યો.
- ફીફા રેન્કિંગમાં ભારત એક અંકના સુધારા સાથે 155મા સ્થાને. આર્જેન્ટિના ટોચ પર કાયમ.
- એશિયન મુક્કાબાજી ચેમ્પિયનશિપમાં ભારત ચોથા ક્રમાંકે રહ્યું. કઝાકિસ્તાન પ્રથમ રહ્યું.
- બ્રિટનના મર્સિડીઝ ડ્રાઈવર લુઇસ હેમિલ્ટને ઈટાલીયન ગ્રાં. પ્રી. 2015 ફોર્મ્યુલા વન ખિતાબ જીત્યો.
- હરિયાણાએ રાજ્યમાં છ ઈ-ગવર્નન્સ અને આઈટી પહેલના અમલીકરણ માટે સ્કોચ ઓર્ડર-ઓફ-મેરિટ નેશનલ એવોર્ડ જીત્યો.
- ટેક્નિકલ અને આર્થિક સહયોગ માટે ભારત-યુએઈ (સંયુક્ત આરબ અમીરાત) સંયુક્ત આયોગ બેઠકનું 11મું સત્ર નવી દિલ્હીમાં યોજવામાં આવ્યું.
- વિશ્વમાં સૌથી નાના કદના વ્યક્તિ (1 ફૂટ 9.5 ઇંચ) ચંદ્ર બહાદુર ડાંગીનું નિધન.
- એશેજ મેચ દરમ્યાન ઘુંટી પર વાગવાને કારણે ઓસ્ટ્રેલિયાના ઓલ રાઉન્ડર ક્રિકેટ ખેલાડી શેન વોટ્સને ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લેવાની ઘોષણા કરી.
- ઇંગ્લેન્ડના ગોલ્ફર લી સ્લેટરીએ એમટુએમ રશિયન ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો.
- અનિર્બાન લાહિડી પ્રેસિડેન્ટ કપ માટે ક્વાલીફાઈ થનાર પ્રથમ ભારતીય ગોલ્ફર બન્યા.
- ઇંગ્લેન્ડની ફૂટબોલ ટીમના કેપ્ટન વેન રુની ઇંગ્લેન્ડ તરફથી સર્વાધિક 50 આંતરરાષ્ટ્રીય ગોલ કરનાર ફૂટબોલ ખેલાડી બન્યા.
- આઈપીજી મીડિયાબ્રાન્ડ્સ ઇન્ડિયાના સીઈઓ શશિધર સિંહા ઓડીટ બ્યુરો ઓફ સર્ક્યુલેશનના (એબીસી) અધ્યક્ષ તરીકે ચૂંટાયા.
- કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં સાર્વભૌમિક સુવર્ણ બોન્ડ (SGB) યોજનાને મંજુરી આપવામાં આવી.
- ભારતીય ટેનિસ ખેલાડી યુકી ભાંબરીએ ‘શંઘાઈ ચેલેન્જર ખિતાબ’ જીત્યો.
- ભારતીય સેના અને માલદીવ રાષ્ટ્રીય સુરક્ષા બળ વચ્ચે સંયુક્ત સૈન્ય પ્રશિક્ષણ અભ્યાસ ‘એકસરસાઈઝ એકુવેરિન 2015’ ‘પેંગોડે મીલીટરી સ્ટેશન’ ત્રિવેન્દ્રમ, કેરળમાં સંપન્ન.
- ભારતીય રિઝર્વ બેંકે દેખરેખ સૂચનાઓના આદાનપ્રદાન માટે નેપાળ રાષ્ટ્ર બેંક સાથે સમજુતી કરી. નેપાળ રાષ્ટ્ર બેંક નેપાળની કેન્દ્રીય બેંક છે.
- બ્રિટનના મર્સિડીઝ ડ્રાઈવર લુઇસ હેમિલ્ટને જાપાન ગ્રાં. પ્રી. 2015 ફોર્મ્યુલા વન ખિતાબ જીત્યો.
- દક્ષિણ અમેરિકન દેશ ચિલીમાં 8.3 રીએક્ટરની તીવ્રતાવાળો ભૂકંપ નોંધાયો.

www.crackgpsc.com

- સિવિલ સેવા પરીક્ષાની પેટર્ન પર પુનઃવિચારણા માટે બી. એસ. બસ્વાંની અધ્યક્ષતામાં સાત સદસ્યીય સમિતિની રચના.
- ભારતીય મૂળનાં બ્રિટીશ સાંસદ સીમા મલ્હોત્રા બ્રિટનમાં લેબર પાર્ટીના નેતા જેરેમી કાર્બિનના શેડો મંત્રાલયમાં શેડો ચીફ સેક્રેટરી ફોર ટ્રેઝરી તરીકે નિયુક્ત.
- સન ફાર્માએ અમેરિકાની ઇનસાઇટ વિઝનના અધિગ્રહણની ઘોષણા કરી.
- એથ્લેટિકસમાં મધ્યમ અને લાંબા અંતરની દોડના કોચ ડૉ. નિકોલાઈ સ્નેસારેવે રાજીનામું આપ્યું.
- જમ્મુ અને કાશ્મીર સરકારે અંબુજા સિમેન્ટના વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો. તપાસમાં બે અલગ-અલગ એમઆરપી પર સિમેન્ટની બોરીઓનું વેચાણ થવાનું અને દરેક બોરીનું ઓછું વજન હોવાનું ધ્યાનમાં આવ્યું.
- ગ્રાંટ થાર્નટન અનુસાર વેપાર વૃદ્ધિના વાતાવરણની દ્રષ્ટિએ ભારત 34મા સ્થાને.
- જર્મનીના ફેરારી ડ્રાઈવર સેબેસ્ટિયન વેટ્ટલે સિંગાપુર ગ્રા. પ્રી. 2015 ફોર્મ્યુલા વનનો ખિતાબ જીત્યો.
- ગાય નેપાળનું રાષ્ટ્રીય પ્રાણી ઘોષિત.
- કેન્યાના મારિકો કિપચુંબાએ 2015 બેજિંગ ઇન્ટરનેશનલ મેરેથોન જીતી.
- સીરીજા પાર્ટીના એલેક્સિસ સિપ્રાસને ગ્રીસના રાષ્ટ્રપતિ પ્રોકોપિસ પવલોપોલોસે વડાપ્રધાન પદના શપથ લેવડાવ્યા.
- જૈન ખાન ભારતીય મોટર સ્પોર્ટ્સ ક્લબ સંઘના (FMSCI) અધ્યક્ષ બન્યા.
- સ્તુતિ નારાયણ કક્કડ રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના (NCPCR) અધ્યક્ષ નિયુક્ત.
- મિઝોરમના સરકારી ચોંગફિઆંગ મિડલ સ્કૂલે 56મી સુબ્રતો કપ ઇન્ટરનેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટનો અંડર-14 સબ જુનિઅર સુબ્રતો કપ જીત્યો.
- પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરી નારાયણ ત્રિપાઠીને ત્રિપુરાના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો આપવામાં આવ્યો.
- મક્કામાં હજ દરમ્યાન ધક્કામુક્કીમાં લગભગ 719નાં મૃત્યુ અને 863 ઘાયલ.
- એસ કે શર્મા ભાખડા બિયાસ મેનેજમેન્ટ બોર્ડના (BBMB) અધ્યક્ષ નિયુક્ત.
- ગીતાની સમકાલીન પ્રાસંગિકતા પર પ્રથમ સંમેલન લંડનમાં યોજાયું.
- ગ્વાંગજૂ ઓપન ટેનિસ ખિતાબ : સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસે યુગલ વર્ગનો, સર્બિયાની ટેનિસ ખેલાડી જેલેના જંકોવિકે એકલ વર્ગનો ખિતાબ જીત્યો.
- વિશ્વ સ્તરે 27 સપ્ટેમ્બરે પર્યટન દિવસ ઉજવાયો.
- પંકજ અડવાણીએ વિશ્વ બિલિયર્ડસ ચેમ્પિયનશિપ ખિતાબ જીત્યો.
- ટાયફૂનના નામથી પ્રસિદ્ધ ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ બોલર ફ્રેંક ટાયસનનું નિધન.

- ગુગલ ભારતમાં 2016ના અંત સુધી 500 રેલવે સ્ટેશનો પર વાઈફાઈ સેવા ઉપલબ્ધ કરાવશે.
- ટોરંટો વિશ્વવિદ્યાલયના ગણિતશાસ્ત્રી જેકોબ શિમરમેનની વર્ષ 2015ના સસ્ત્ર રામાનુજન પુરસ્કાર માટે પસંદગી.
- મહેન્દ્ર સિંહ ધોની ઝારખંડ રાજ્ય પર્યટનના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા.
- ભારતે 16મા એશિયન રોઈંગ ચેમ્પિયનશીપમાં કુલ સાત ચંદ્રક જીત્યા.
- ભારતીય-બ્રિટીશ વેન ડ્રાઈવર ડી પટેલને પ્રિન્સ ચાર્લ્સ 'પ્રાઈડ ઓફ બ્રિટન એવોર્ડ'થી સન્માનિત કરશે. તેમણે પોતાનો જીવ જોખમમાં મુકીને બીજાના જીવ બચાવ્યા હતા.
- NDTV-તબુલા સાથે ત્રણ વર્ષ માટે 100 કરોડ રૂપિયાના કરાર. આ કરારનો હેતુ NDTVની ડેસ્કટોપ અને મોબાઈલ વેબસાઈટનું નેટવર્ક વધારવાનો છે.
- મણિપુરના રાજ્યપાલ સૈયદ અહમદનું નિધન. મેઘાલયના રાજ્યપાલ વી ષણમુગનનાથનને મણિપુરના રાજ્યપાલનો હવાલો આપવામાં આવ્યો.
- ચીનની ટેક્સી એપ કંપની દીદી કુઆઈદીએ ભારતની પ્રમુખ એપ આધારિત ટેક્સી કંપની 'ઓલા'માં રોકાણ કર્યું.
- ભારતીય એથ્લેટિક્સ ખેલાડી એમ. આર. પુવામ્મા અને કુસ્તી ખેલાડી બબીતા કુમારીએ વર્ષ 2015 માટેનો અર્જુન પુરસ્કાર મેળવ્યો.
- અભિનવ બિન્દ્રાએ 8મી એશિયન એરગન ચેમ્પિયનશિપમાં પુરુષોની 10 મીટર એર રાયફલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- પશ્ચિમ ક્ષેત્રીય પરિષદની 21મી બેઠક પણજીમાં યોજાઈ.
- અંકિત ફાડીયા, સતવત જગવાની અને કૃતિ તિવારી તથા સેમસંગ યુએસએના કમ્પ્યુટર વૈજ્ઞાનિક પ્રણવ મિસ્ત્રી ડીજીટલ ઇંડિયાના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- 30 સપ્ટેમ્બર 2015ના રોજ ડૉ. ભીમરાવ આંબેડકરની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી. વર્ષ 2015માં ડૉ. આંબેડકરની 125મી જયંતિ ઉજવવામાં આવી રહી છે.

